# કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 2 | સપ્ટેમ્બર 2023

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક



## દેશના પ્રથમ સહકારિતા મંત્રી અને ગૃહમંત્રી **અમિત શાહ**ના નિર્ણયથી દેશની તમામ ખેતી બેન્કો કોમ્પ્યુટરાઇઝ થશે

# દેશની તમામ ખેતી બેન્કોને કોમ્પ્યુટરાઈઝ કરવાનો ભારત સરકારનો ઐતિહાસિક નિર્ણય




ગુજરાતની ખેતી બેન્કનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન થશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશો તથા દેશના 13 રાજ્યોમાં કાર્યરત 1,851 કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કોને કોમ્પ્યુટરાઈઝ્ડ અને સશક્ત બનાવવાની યોજના બનાવી છે. તેમના દ્વારા લેવામાં આવેલો આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ભારત સરકારે દેશની તમામ સહકારી મંડળીઓને મજબૂત કરવા માટે નિતનવાં પગલાં લેવામાં આવી રહ્યા છે. પરિણામે દેશનું સહકારી માળખું વધુ સંગીન બની રહ્યું છે. ધી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિમિટેડ અને રાષ્ટ્રીય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક ફેડરેશન લિમિટેડના ચેરમેન ડૉલર કોટેચાએ જણાવ્યું હતું કે, "દેશમાં સૌ પ્રથમવાર કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કોને સશક્ત બનાવવા કોમ્પ્યુટરાઈઝેશનની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારનો આ નિર્ણય આવકારને પાત્ર છે. તેનાથી ખેતી બેન્કોની કાર્યપદ્ધતિમાં મોટો સુધારો આવી જશે." ખેતી બેન્કના ચેરમેન ડોલર કોટેચા તેમની યાદીમાં જણાવે છે કે, "કોમ્પ્યુટરાઈઝેશનને કારણે બેન્કની તમામ 176 શાખાઓની એકાઉન્ટિંગ સિસ્ટમ એક સમાન થઈ જશે. અત્યારે કેટલીક જગ્યાએ મેન્યુઅલ એકાઉન્ટિંગ થાય છે. તેમાં ભૂલ થવાની સંભાવના રહેલી છે. કોમ્પ્યુટરાઈઝેશન પછી તેમાં હ્યુમન એરર આવવાની સંભાવના નહિવત થઈ જશે."

ગુજરાતની ખેતી બેન્ક સહિત દેશમાં તમામ પીએસીએસની કમ્પ્યુટરાઇઝેશન સ્કીમમાં 13 રાજ્યોના કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો (એઆરડીબી)ના 1,851 એકમોનું રાષ્ટ્રીય યુનિફાઇડ સોફ્ટવેર હશે. દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની કચેરીઓને પણ કેન્દ્રીય રજિસ્ટ્રારની કચેરીની જેમ કમ્પ્યુટરાઇઝ્ડ કરવામાં આવશે. આ યોજના માટે સેન્ટ્રલ પ્રોજેક્ટ મોનિટરિંગ યુનિટ (પીએમયુ)ની સ્થાપના કરવામાં આવશે. પીએમયુ યોજનાના સફળ અમલીકરણ માટે કામ કરશે. આ યોજના માટે કુલ અંદાજિત ખર્ચ રૂ. 225.09 કરોડ થશે.

આ યોજનાના અમલીકરણથી તમામ રાજ્યોના રજિસ્ટ્રારશ્રીની કચેરીઓ અને કૃષિ બેન્કોની શાખા - કચેરીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ ઝડપી બનશે. શ્રી ડોલરભાઈનું કહેવું છે કે, "બધી જ શાખાઓની કમગીરી સિસ્ટમ આધારિત થવાથી એકસમાન થઈ જશે. કારણ કે કામગીરી સોફ્ટવેરના માધ્યમથી ઝડપથી તથા ચોકસાઈપૂર્વક થશે. ખેડૂતોને તેમના હપ્તા ભર્યાની માહિતી જ્યારે તે જુએ તે ઘડીએ જ મળી જશે. તેમ જ તેમણે ક્યારે કેટલો હપ્તો ભરવાનો આવશે તેની વિગતો અને તેનો મેસેજ પણ તેમને પહોંચી જશે. ખેડૂતોને તેમના ખાતાનું સ્ટેટમેન્ટ ગમે ત્યારે મળી શકશે." ખેડૂત ખાતેદારને તેમની લોન અંગેની બધી જ વિગતો જોવા મળે તે માટે મોબાઈલ એપ પણ બનાવવાના છે. ખેડૂતે મૂકેલી ડિપોઝિટ અને તેની પાકતી મુદતની વિગત મળી જશે. તેના વ્યાજના દરની વિગતો પણ તેમને મળી જશે. ખેડૂતે લીધેલી લોનમાંથી કેટલી રકમ ભરી અને કેટલી બાકી છે તે તત્કાળ જાણી શકાશે. અત્યારે આ કામગીરી મેન્યુઅલી થઈ રહી છે. તેથી તેમાં ભૂલ થવાની સંભાવના ઘટી જશે. નવતર આયોજન ખેતી બેન્કની કામગીરીમાં પારદર્શિતા અને એકરૂપતા પણ લાવશે અને તેમને વધુ કાર્યક્ષમ બનાવશે. તેનાથી સમયની બચત કરશે. બેન્ક તેના સ્ટાફ પાસે અન્ય ઉત્પાદકીય કામ લઈ શકશે. કારણ કે કોમ્પ્યુટરાઈઝેશનને કારણે સમય અને શક્તિની બચત થઈ શકશે. ધિરાણ તેમજ ફિક્સ ડીપોઝિટ વધારવા માટે અને રિકવરીની કામગીરી માટે વધુ ધ્યાન આપી શકાશે. ખેતી બેન્કના કોમ્પ્યુટરાઈઝેશન માટે પેક્સનું સોફ્ટવેર જ લાગુ કરવામાં આવશે. તેમાં ખેતી બેન્કની જરૂરિયાત પ્રમાણે કસ્ટમાઈઝ કરવામાં આવશે. સોફ્ટવૅર કસ્ટમાઈઝ કરવા અને કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કોને કોમ્પ્યુટરાઈઝ કરવા નોડલ અજન્સી તરીકેની જવાબદારી નાબાર્ડને સોંપવામાં આવી છે. તેથી તેનો અમલ આગામી સમયમાં થઈ જવાની સંભાવના રહેલી છે.

**ખેતી બેન્કની કાર્યક્ષમતામાં સુધારો થશે, માનવીય ભૂલોને નિર્મૂળ કરી શકાશે, મેનપાવરનો સક્ષમ ઉપયોગ કરી શકાશે**



**Dolar Kotecha**
Chairman

**NATIONAL COOPERATIVE AGRICULTURE & RURAL DEVELOPMENT BANKS' FEDERATION LTD.**

701, 7TH FLOOR, BSEL TECH PARK, A-WING, OPP. RAILWAY STATION, VASHI, NAVI MUMBAI - 400 703.
E-mail: nafcard.org@gmail.com • Website: www.nafcard.org

પ્રતિ

માનનીય શ્રી અમિતભાઈ શાહ સાહેબ,

ગૃહ અને સહકારિતા મંત્રી,

અટલ અક્ષય ઉર્જા ભવન,

ન્યુ દિલ્હી.

વિષય - દેશની કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કોને સશક્ત બનાવવા કોમ્પ્યુટરાઇઝેશનની યોજનાને મંજૂરી આપવા બાબત.

આદરણીય સાહેબશ્રી,

રાષ્ટ્રીય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક ફેડરેશન (NAFCARD), મુંબઈ અને ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (ખેતી બેંક), અમદાવાદ તરફથી હું આપના દૂરદર્શિતાવાળા નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ભારત સરકારે દેશની તમામ સહકારી મંડળીઓને મજબૂત કરવા માટે અનેક પગલાં લીધાં છે જે બદલ આપનો આભાર વ્યક્ત કરું છું.

સમગ્ર દેશની તમામ 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશો તથા 13 રાજ્યોમાં કાર્યરત 1,851 કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકોને તથા તમામ રાજ્યોની રજિસ્ટ્રાર કચેરીને કોમ્પ્યુટરાઇઝ્ડ અને સશક્ત બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયેલ છે.

આ યોજનાથી દેશના 65 લાખ ખેડૂતોને સીધી મદદ થશે અને તેઓને ધિરાણ અને બચત સંબંધિત સેવાઓનો વિલંબ કર્યા વિના અને આજની સરખામણીમાં ઘણી ઓછી કિંમતે ધિરાણ પ્રાપ્ત કરવામાં મદદ મળશે. આ યોજના ખેડૂતોને લાંબા ગાળાના ધિરાણનો પ્રવાહ વધારવા માટે ARDB માળખાને મજબૂત બનાવવાની શરૂઆત પણ દર્શાવે છે.

કોમન સોફ્ટવેર પર કોમ્પ્યુટરાઇઝેશન એઆરડીબીને કામગીરીમાં પારદર્શિતા લાવવા, એકાઉન્ટિંગ સિસ્ટમમાં એકરૂપતા લાવવા અને કાર્યક્ષમતા, સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવા અને તેમના વ્યવસાયને વૈવિધ્યીકરણ અને વિસ્તરણ કરવામાં મદદ કરશે.

NAFCARD ના ચેરમેન અને ખેતી બેંક ગુજરાતના ચેરમેન તરીકે આ ઐતિહાસિક નિર્ણય અને તેની રચના પછી માત્ર 2 વર્ષના ગાળામાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે આપના મંત્રાલય દ્વારા લેવામાં આવેલી (પેક્સ)ની કમ્પ્યુટરાઇઝેશન યોજનાની મંજૂરી માટે હું ફરી એકવાર નમ્રતાપૂર્વક આપના પ્રત્યેની અમારી કૃતજ્ઞતા અને જવાબદારીને સ્વીકારું છું.

ફરી એકવાર આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આપનો સદૈવ ઋણી,

ડોલર કોટેચા

# બૅન્કના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ



શ્રી ડૉલર કોટેચા
ચૅરમૅનશ્રી



શ્રી ફલજીભાઈ ગેમરભાઈ પટેલ
વાઇસ ચૅરમૅનશ્રી



શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ડે. સ્પીકર



શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
MLA



શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા



શ્રી જશાભાઈ બી. બારડ



શ્રી વીરજીભાઈ કે. ઠુમ્મર



શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ



શ્રી મંગળસિંહ આર. પરમાર



શ્રી કાનભા એફ. ગોહિલ



શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ



શ્રી જીવણભાઈ બી. આહીર



શ્રી હરદેવસિંહ ટી. જાડેજા



શ્રી નટવરસિંહ એસ. મહીડા



શ્રી ગણપતસિંહ બી. સોલંકી



શ્રી સુરેશભાઈ ડી. પટેલ



શ્રી રામજીભાઈ એચ. ચૌધરી



શ્રી જિગ્નેશકુમાર એન. ઠાકોર



શ્રી કમલ શાહ IAS રજિસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય



શ્રી બી. કે. સીંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ



શ્રી કે. બી. ઉપાધ્યાય
IAS(Retd)મૅનેજિંગ ડિરેક્ટરશ્રી



શ્રી વી. એમ. ચૌધરી
જૉઇન્ટ મેનેજિંગ ડીરેક્ટરશ્રી

# કોઠાસૂઝના ટેકનૉક્રેટ ઉમેશ દોમળિયાએ ખેતીકામ માટે 30 યંત્રો વિકસાવ્યાં

જૂનાગઢ જિલ્લાના વડાલ ગામે વસતા અને માત્ર 12 ચોપડી ભણેલા અને ટેક્નોલોજીનો કોઈ જ અભ્યાસ ન કર્યો હોવા છતાંય ભલભલા મિકેનિકલ એન્જિનિયર મોઢામાં આંગળાં નાખી જાય તેવા ઉપકરણો ઉમેશ દોમળિયાએ વિકસાવ્યા છે. એક તરફ ભારત સરકાર યંત્રોને ભાડે આપવાની, કૃષિ મશીનરીને સબસિડાઈઝ રેટથી અપાવવાની વાત કરે છે. બીજી તરફ વસતિના વધારા સાથે ખેતઊપજની વધી રહેલી જરૂરિયાતને ધ્યાનમાં લઈને ખેતી કામનું મહત્તમ યાંત્રીકરણ થાય તેવું ભારત સરકાર ઈચ્છી રહી છે. પરંતુ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાના વડાલ ગામમાં વસતા ઉમેશ ભીખાભાઈ દોમળિયા પોતે જ સંશોધન કરીને ખેતી માટે યંત્રો બનાવી રહ્યા છે. તેમનાં સાધનો એટલાં સસ્તાં છે કે સરકારની સબસિડીની પણ જરૂર ન પડે. કોઠાસૂઝના ટેક્નોક્રેટ ઉમેશભાઈ દોમળિયા કહે છે, “મેં વિકસાવ્યાં છે તેમાંનાં ઘણાં યંત્રો મોટી મોટી કંપનીઓએ પણ વિકસાવ્યાં નથી. છતાં હું એટલું કહીશ કે કંપનીઓ દ્વારા બનાવવામાં આવતાં યંત્રોના ભાવની તુલનાએ મેં બનાવેલા યંત્રોની કિંમત 60થી 80 ટકા ઓછી છે. પરિણામે ખેડૂત માટે તે વસાવવાં બહુ જ સરળ છે. તેમના પર આર્થિક બોજો વધતો નથી. ખેતીકામ વધુ સરળ બની જાય છે. “ઉમેશ દોમળિયાએ મિની ટ્રેક્ટર બનાવ્યું તે પછી તેની સાથે બીજાં ઉપકરણો જોડીને તેના માધ્યમથી ડુંગળી, જીરુ, ધાણા, મગફળી, કપાસના પાક પર દવાનો છંટકાવ કરી શકાય તેવું ડિવાઈઝ પણ વિકસાવ્યું છે. તેની વાવણી કરતી વખતે બે છોડ વચ્ચે વ્યવસ્થિત અંતર રહે તેની કાળજી પણ તેમણે રાખી જ છે. ટ્રેક્ટરથી દવાનો છંટકાવ કરીને એક જ કલાકમાં 2 હેક્ટર એટલે કે 10થી 12 વીઘાં જમીન પરના પાક પર દવાનો છંટકાવ કરી શકે છે. આજકાલ ખેતીકામ માટે મજૂરો મળતાં નથી. તેથી દવાના છંટકાવ કરવામાં મોટી તકલીફ પડે છે પરંતુ મિની ટ્રેક્ટર સાથે દવાના છંટકાવનનું ડિવાઈઝ જોડી દઈને તેમણે ખેડૂતોની સમસ્યા ખાસ્સી હળવી કરી દીધી છે. તેમણે બનાવેલા મિની ટ્રેક્ટરની કિંમત રૂ.1.25થી 1.50 લાખની આસપાસની થાય છે. તેની સામે કંપનીઓએ બનાવેલા મિની ટ્રેક્ટર રૂ. 2.50થી 3 લાખથી ઓછામાં મળતાં નથી. ડુંગળીની ફેરરોપણીનું યંત્ર રૂ. 40,000માં થઈ જાય છે. તેવી જ રીતે પ્લેનર વેટર માત્ર 18,000માં તૈયાર થઈ જાય છે. કંપનીઓ પ્લેનર વેટર બનાવતી જ નથી. બનાવે તો રૂ. 40,000થી ઓછામાં ન વેચે તેવું અનુમાન કરી શકાય. ફેરરોપણી માટેની ઓરણી તો કંપનીઓ બનાવતી નથી. તેમની આ કુનેહને પારખીને જ ખેતી બૅન્કે ખેતીકામના યાંત્રીકરણ કરવા માટે તેમને ગયા મહિને થયેલી વાર્ષિક સામાન્ય સભામાં ખાસ ઍવૉર્ડ આપીને સન્માનિત કર્યા હતા.



ઉમેશ દોમળિયાએ 12 ધોરણ પછી આઈટીઆઈમાં માત્ર ઈલેક્ટ્રિશિયનનો કોર્સ કર્યો છે. તેમણે મિકેનિકલ એન્જિનિયરનો કોર્સ પણ કર્યો નથી, પરંતુ તેમની કોઠાસૂઝ ગજબની છે. તેમણે આજ સુધીમાં ખેતીકામમાં ઉપયોગી બને તેવાં 30થી વધુ ઓજારો વિકસાવ્યાં છે. આ ઓજારોમાં મિની ટ્રેક્ટર, ટ્રેલર, ડુંગળીની ફેરરોપણી કરવાની ઓરણી, પ્લેનર વેટર (જમીન ખેડતા ઉપર આવી ગયેલાં મોટાં ઢેફાંને તોડીને પાવડર કરવાનું મશીન), દેશી ખાતરને ચાસમાં ભરવાનું ઑટોમેટિક મશીન, ડ્રેચિંગ ડ્રમ, સીડ ડ્રીલમાં બેસાડવાના આરપીએમ મીટર, ક્યારા લેવલ કરવાનું સાધન જાતે જ બનાવેલાં છે. ઉમેશ દોમળિયાની

ટેક્નૉલોજીનો કોઇ જ અભ્યાસ ન કર્યો હોવા છતાં ખેતીકામના ઓજારો વિકસાવ્યાં, જે કંપનીઓએ બનાવેલાં ઓજાર કરતાં 60થી 80 ટકા ઓછી કિંમતે મળી શકે

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સાયન્ટિસ્ટો પણ તેમના ખેતરમાં આવીને તેમણે વિકસાવેલાં કૃષિ ઉપકરણોની કાર્યક્ષમતાને જુએ છે અને તેમની ટેકનોલોજીને સમજવાનો પ્રયાસ પણ કરે છે

ઉમેશ દોમળિયાની યંત્રોની શોધ માટે તેમને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તરફથી બે ઍવૉર્ડ અપાયા છે. ખેતી બૅન્કે પણ તેમને ઍવૉર્ડ આપીને સન્માનિત કર્યા છે

# ચાસમાં આપોઆપ ખાતર ભરતું મશીન

**ચાસમાં ખાતર ભરવાનું મશીન ટ્રેલરમાં ફિટ કરી શકાય તેવું છે. ઉનાળામાં જમીન પર ચાસ પાડ્યા પછી ચોમાસુ વાવેતર કરવા માણસોની મદદથી ટ્રેલર દ્વારા હાથથી ખાતર નાખવામાં આવે છે, પરંતુ તેને કારણે દરેક જગ્યાએ એકસરખું ખાતર પડતું નથી. પરિણામે પાક બરાબર ન આવે તેવી શક્યતા રહેલી છે. ઉમેશ દોમળિયાએ વિકસાવેલા ચાસમાં ખાતર ભરવાના યંત્રથી એક દિવસમાં 10 ટ્રેક્ટર એટલે કે 20 ટન ખાતર ભરી શકાય છે. એક આખા દિવસમાં 40 ટ્રેલર એટલે કે 80 ટન ખાતર ચાસમાં ભરી શકાય છે. જેનો ખર્ચ 7500ની આસપાસનો આવે છે. આ મશીન બનાવવાનો ખર્ચ અંદાજે રૂ. 25000નો આવે છે.**



કાબેલિયત એટલી છે કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સાયન્ટિસ્ટો પણ તેમના ખેતરની મુલાકાત લઈને તેમણે બનાવેલાં યંત્રોની કામગીરીને નિહાળે છે. તેમાંથી કંઈક સમજવાનો અને શીખવાનો પ્રયાસ કરે છે. તેમણે વિકસાવેલાં દરેક ઓજાર વિશે માહિતી મેળવતા રહે છે. ઉમેશ દોમળિયા કહે છે, "મારી કાયમ ઈચ્છા હતી કે આધુનિક ઢબે ખેતી કરવી. તેને માટેની ટેક્નોલોજીને સમજવા માટે મેં જુદા જુદા વિસ્તારોના પ્રવાસ પણ કર્યા છે."

ઉમેશ દોમળિયા ખેડૂત છે. વેપારી નથી. તેમને શોધરૂપ મશીનો બનાવીને બિઝનેસમાં ઝંપલાવીને ખેતીનાં ઓજારોનો બિઝનેસ કરવામાં જરાય રસ નથી. તેમના ખેતરમાં તેમણે બનાવેલાં મશીનો જોવા અને તેની ઉપયોગિતા સમજવા ખેડૂતો આવે તો ખુશ થાય છે. ખેડૂતો ઑર્ડર આપે તો તેમને તેવા મશીન બનાવી આપે છે, પરંતુ તેણને ખેતીનાં ઓજારોનો બિઝનસ કરવામાં રસ નથી. તેમ છતાંય ખેડૂતોને મદદ થઈ શકતી હોય તો ભારત સરકાર ખેતીનાં ઓજારો ભાડેથી આપવા માટેની યોજના લાવી છે. તે યોજનામાં સહભાગી થઈને ઓજારો ભાડે આપવામાં પણ ટેક્નોક્રેટ ઉમેશ દોમળિયાને રસ છે. ખેડૂતોને મદદરૂપ થતી હોય તો ખેતીનાં ઓજારોની બૅન્ક બનાવવામાં પણ તેમને રસ છે.

## ડુંગળીની ફેરરોપણી માટે ઑટોમેટિક ઓરણી વિકસાવી



ડુંગળીની ફેરરોપણી કરવા માટે ખાસ પ્રકારની ઑમેટિક ઓરણી ઉમેશ દોમળિયાએ વિકસાવી છે. આ ઓરણીની ખાસિયત એ છે કે ફેરરોપણી કરવાની સાથે સાથે જ તે અલગ અલગ ક્યારા પણ બનાવતી જાય છે. પરિણામે ખેતી માટે જમીન તૈયાર કરવા માટેનો ખર્ચ કરવો પડતો નથી. સમય પણ બચી જાય છે. ઓરણી થકી એક જ ક્યારીમાં બાર લાઈનનું વાવેતર થઈ શકે છે. તેની વચ્ચેનું અંતર 45 ઈંચ બાય ત્રણ ઈંચનું રહે છે. રોપણી કરેલા ડુંગળીના ધરુની ઊંડાઈ બે ઈંચની આસપાસ જ રહેતી હોવાથી સૂર્યપ્રકાશની ગરમી 40 ડિગ્રીની આસપાસની થાય છે. તેથી મૂળનો પણ સારો વિકાસ થાય છે. એક હેક્ટરમાં ડુંગળીનું વાવેતર કરવામાં 75 માણસની જરૂર પડે છે. તેને માટે અંદાજે રૂ.20,000નો ખર્ચ કરવો પડે છે. તેને બદલે ઓરણીથી ફેરરોપણી કરવામાં આવે તો માત્ર રૂ. 7000નો ખર્ચ થાય છે. યંત્રનો આશરો લઈને રોપણી કરવામાં આવે તો એક હેક્ટરે અંદાજે 35થી 40 ટન જેટલું ઉત્પાદન મળે છે. તેની સામે માનવબળનો ઉપયોગ કરીને ફેરરોપણી કરવામાં આવે તો એકરે 25 ટનના ઉતારા મળે છે. આ જ રીતે ઘઉ, ધાણા, ચણા, ઉનાળુ મગફળીનું મિની ટ્રેક્ટરથી વાવણી કરવા માટે દસ ચૅનલની ઑટોમેટીક ઓરણી પણ તેમણે વિકસાવેલી છે. તેની મદદથી એક દિવસમાં 30 વિઘાં જમીનમાં વાવણી થઈ શકે છે. તેનાથી ખેતીખર્ચ ઘટે છે. સમય બચે છે.

## ઉમેશ દોમળિયાને મળેલા છ ઍવૉર્ડ




| ઍવૉર્ડનું નામ | આપનાર વ્યક્તિ |
|---|---|
| નેશનલ ઍવૉર્ડ-2012 | કૃષિમંત્રી શરદ પવાર |
| ગ્લોબલ ઍગ્રિ સમીટ ઍવૉર્ડ | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી |
| બેસ્ટ પ્રેક્ટિસ ઍવૉર્ડ | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી |
| પ્રોગ્રેસિવ ફાર્મર ઍવૉર્ડ | કૃષિ યુનિવર્સિટી |
| આત્મા પ્રોજેક્ટ ઍવૉર્ડ | કૃષિ યુનિવર્સિટી |
| સરદાર પટેલ ઍવૉર્ડ | કૃષિ યુનિવર્સિટી |
| યાંત્રીકરણનો ઍવૉર્ડ | ખેતી બૅન્ક ગુજરાત |

## જમીનમાંથી મગફળી કાઢવા માટેનો રોલ બનાવ્યો



મગફળી જમીનમાંથી બહાર કાઢતી વેળાએ તેનાં મૂળ સાથે ચોંટેલી માટી અને ઢેફાં નીકળે છે. ઢેફાં કે માટી છૂટાં પડી જાય તે કામ રાપની પાછળનો રોલ કરે છે. આ રોલ એક ફૂટ પહોળો અને છ ફૂટ લાંબો છે. આ રોલનું વજન અંદાજે 100 કિલોનું છે. તેને કારણે માટી ચોંટેલી રહેતી નથી, ઢેફાં નીકળતાં નથી. 70 ટકા માટી દૂર થઈ જાય છે. પરિણામે મગફળીનો છોડ મૂળસોતો બહાર કાઢ્યા પછી ઝંઝોળવો પડતો નથી. તેનાથી એક વીઘાં જમીનમાં કામ કરવાનો ખર્ચ માત્ર રૂ. 600નો આવે છે. માણસની મદદ લઈ આ કામ કરાવવામાં આવે તો અંદાજે રૂ. 1200નો ખર્ચ આવે છે.

## મગફળી ફોલવાનું મશીન



ઉમેશ દોમળિયાએ મગફળીને અત્યંત ઝડપથી ફોલી આપવાનું મશીન પણ જાતે જ વિકસાવેલું છે. આ મશીન 10 મિનિટમાં જ પાંચ કિલો મગફળી ફોલી આપે છે. ઘરમાં કોઈ મહેમાન આવ્યા હોય અને તેમની વચ્ચે મગફળી મૂકીને ફોલીને ખાતાં જાય અને વાત કરતાં જાય તો તેમાં કલાકો વીતિ જાય છે, પરંતુ આ મશીન 10 મિનિટમાં 5 કિલો મગફળી ફોલીને દાણા કાઢી આપે છે. તેમાંથી ખારી સિંગ પણ બનાવી શકાય છે. ઘરમાં સિંગદાણાની જરૂર પડે ત્યારે મહિલાઓ તેનાથી ફટાફટ કામ કરી શકે છે.

## રોટોવેટરનો વિકલ્પ બનતું યંત્ર



હળ અને દાંતી ચલાવ્યા પછી ખેતરમાં મોટાં મોટા ઢેફાં નીકળે છે. તેને તોડીને જમીનને સરખી કરવાની કામગીરી પ્લેનર વેટર કરે છે. આ યંત્ર રોટોવેટરની અવેજીમાં કામ કરે છે. તેમાં 2.5 ફૂટ બાય સાત ફૂટનો એન્ગલ બનાવીને 40 ઈંચના અંતરે રાખવામાં આવે છે. તેમાં 8 બાય 3 ઈંચના બ્લેડના ટુકડાને ગોઠવવામાં આવે છે. આ યંત્રને ટ્રેક્ટરનો પાવર આપ્યા વિના જ રોટોવેટરની અવેજીમાં વાપરી શકાય છે. આ બ્લેડને કારણે ખેતરનો કચરો અને અને ઘઉંના ખાપાનો સારી રીતે ભૂકો થઈ જાય છે. રોટોવેટરનો એક કલાકનો રૂ. 600નો ખર્ચ આવે છે. તેની સામે પ્લેનર વેટરનો એક કલાકનો ખર્ચ રૂ. 300નો આવે છે. પંદર વર્ષ પહેલાં આ યંત્ર બનાવવાનો ખર્ચ માત્ર રૂ.8000ની આસપાસ આવ્યો હતો. તેનાથી ડીઝલની પણ બચત થાય છે.

### 2 કિલોમીટર રેન્જની સર્ચલાઈટ



ખેતીમાં ભેલાણ થવાનો અને જંગલી પશુઓ આવીને મોટું નુકસાન કરી જાય અને તેનાથી ખેડૂતોને મોટા નુકસાનનો સામનો કરવો પડે છે. આ પશુઓને ભગાડવા માટે તેમણે બે કિલોમીટરની રેન્જની સર્ચલાઈટ બનાવી છે.

### બટાકામાંથી વેફર બનાવતું મશીન




બટાકામાંથી વેફર બનાવવાનું મશીન પણ તેમણે ડેવલપ કર્યું છે. આ મશીન એક જ કલાકમાં 50 કિલો બટાકાની વેફર તૈયાર કરી આપી શકે છે.

## ક્યારાને લેવલિંગ કરવા માટેનું ઓજાર

ક્યારાને લેવલિંગ કરવા માટેનું ઓજાર પણ તેમણે વિકસાવેલું છે. એક હેક્ટર જમીનમાં લેવલિંગ કરવા માટેનો રૂ. 300નો ખર્ચ થાય છે. તેની સામે આ મશીન એક જ દિવસમાં 10 હેક્ટર જમીનના લેવલિંગનું કામ કરી આપી શકે છે. આંતરખેડનું કામ કરવા માટે 3 ફૂટથી 10 ફૂટનાં ઓજારો બનાવ્યાં છે. આંતરખેડ મોટી સાંતીથી કરવામાં આવતા એક દિવસમાં 40 વીઘાં જમીનમાં કામ થઈ શકે છે. કપાસનો મોટો પાક થાય ત્યારે ત્રણ ફીટની સાતી ચલાવી આંતરખેડ કરવામાં આવે તો નીંદણ દૂર કરવાનો ઓછો ખર્ચ આવે છે.







### ખેતી બૅન્કની 71મી વાર્ષિક સામાન્ય સભામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું સંબોધન

# શાહુકારોના શોષણનો ભોગ બનતા આવેલા ખેડૂતોને બચાવવાનું કામ ખેતી બૅન્કે કર્યું

જગતનો તાત ગણાતો ખેડૂત દુનિયાના કરોડો જીવોનું પાલન કરી રહ્યો છે. ખેડૂતોના આ મિશનને સફળ કરવામાં ખેતી બૅન્કનો બહુ જ મોટો ફાળો રહ્યો છે. ગુજરાતના શાહુકારો પાસેથી દેવું લેનારા ખેડૂતો અને વ્યાજ પર વ્યાજ ચૂકવીને અનેક વિટંબણાઓનો સામનો કરનારા અને દુ:ખી ખેડૂતોના કલ્યાણ માટે ખેતી બૅન્કે બહુ જ મોટી એટલે કે લોન આપવાની કામગીરી કરીને શાહુકારોની ચુંગાલમાંથી છોડાવવાનું કામ કર્યું છે. દાયકાઓ પૂર્વે જમીન પણ ઊબડખાબડ હતી. સિંચાઈની સુવિધા નહોતી. આ તમામ સુવિધાઓ માટે લોન આપવાની કામગીરી ખેતી બૅન્કે કરી હતી. આ રીતે ખેડૂતોને આગળ લાવવાનું અને સમૃદ્ધ બનાવવાનું કામ ગુજરાત અને દેશની ખેતી બૅન્કોએ કર્યું છે. એમ ખેતી બૅન્કની વાર્ષિક સામાન્ય સભાને સંબોધન કરતાં આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું.



ભારતના સહકારિતા મંત્રી અમિત શાહ સમગ્ર ભારતના ખેડૂતોને તથા સહકારિતાના ક્ષેત્રમાં દરેક ગતિવિધિઓના માધ્યમથી ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવવાનું બહુ જ ઝડપથી કામ કરી રહ્યા છે. દરેક ખેડૂત અને સહકારી સંસ્થા સાથે સંકળાયેલા લોકોની આર્થિક સધ્ધરતા વધારવાનું કામ કરી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવે છે ત્યારે મારી પાસેથી પ્રાકૃતિક ખેતી અંગેની માહિતી કાયમ લે જ છે. ગુજરાતના કેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે તેની માહિતી લે છે. પ્રધાનમંત્રીની અંતરેચ્છા છે કે મારા દેશનો ખેડૂત સમૃદ્ધ રહે, ખુશ રહે. દેશના અન્ય લોકોની જેમ જ તેઓ સારામાં સારી સુવિધા મેળવે તેવી પ્રધાનમંત્રીની ઈચ્છા છે. ડૉલર કોટેચા અને તેમના સાથીદારો પણ પ્રધાનમંત્રીના આ ધ્યેયને સાકાર કરવા પ્રયાસ કરી રહ્યા છે. ખેતી બૅન્ક પણ ખેડૂતોને સહકાર આપીને તેમનાં દુઃખો દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. તેથી જ ખેડૂતો અને ગુજરાતની ખેતી સમૃદ્ધ બની રહી છે. ખેતી બૅન્ક અને ખેતી બૅન્ક પાસેથી લોન લેનારા ખેડૂતો સમૃદ્ધ-સુખી થઈ રહ્યા છે. તે માટે ડૉલર કોટેચા અનુસંધાન પાના નં. 8



## પ્રાકૃતિક ખેતી કરીને અમે કૅન્સરનું વેચાણ નથી કરતા

પોતાની મહેનતથી જગતની જનતાના જીવનને ઉજાગર કરનારા ખેડૂતોની આ સભા છે. વાર્ષિક સામાન્ય સભામાં પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને મેં પૂછ્યું કે પહેલાં તમે રાસાયણિક ખેતી કરતા હતા અને હવે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છો તેથી તમને નુકસાન તો નથી થયુંને. ત્યારે ખેડૂતોએ કહ્યું હતું કે અમે પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા તે પછી અમારી ઊપજમાં ઘટાડો  થયો નથી. તમને આર્થિક નુકસાન પણ થયું નથી. મોટાભાગના ખેડૂતોએ કહ્યું છે કે અમને નુકસાન નથી થયું, લાભ થયો છે. પ્રાકૃતિક ખેતી કરવાથી પાણીનો ખર્ચ ઓછો થઇ ગયો છે. પ્રાકૃતિક ખેતી કરનારાઓનો ખર્ચ શૂન્ય થઇ જાય છે. તેનાથીય આગળ જઇને આ ખેડૂતો એક વાત કરે છે કે અમે અમારી ખેતપેદાશો વેચીને કૅન્સર કે ડાયાબિટીસનુંમ વેચાણ નથી કરતા. તેમને હાર્ટ એટેક આવે તેવાં ઉત્પાદનો નથી આપી રહ્યા. પ્રાકૃતિક ખેતીને આગળ વધારનારા  તેથી આ મિશનને આગળ વધારવા ખેતી બૅન્કના દરેક ખેડૂત સભાસદોને વિનંતી કરી રહ્યો છું.

## દરેક સહકારી સંસ્થાઓ સહકારી બૅન્કમાં જ ખાતાઓ ખોલાવેઃ કૃષિમંત્રી જગદીશ વિશ્વકર્મા

આજની વાર્ષિક સામાન્ય સભા ખેતી બૅન્કની નહિ, પરંતુ મોટી કૉર્પોરેટ કંપનીની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હોય તેવું લાગી રહ્યું છે. ખેતી બૅન્કના ચૅરમૅન અને વાઈસચૅરમૅનના પ્રયાસોનું આ પરિણામ છે. ખેતી બૅન્કના સભાસદો માટે ગુજરાતના મોંઘામાં મોંઘા રોડ પર થઈ રહી છે તેનાથી મોટું શું હોઈ શકે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સહકારિતાનું માળખું મજબૂત કરવાની જવાબદારી અમિત શાહ જેવી કાબેલ વ્યક્તિને  સોંપી છે. સહકારી માળખાને મજબૂત કરવા માટે એક જમાનામાં સરદાર પટેલે પ્રયાસ કર્યા હતા. તેમના પછી આજે અમિત શાહ સહકારી માળખાનું 360 ડિગ્રી પરિવર્તન કરવા માટે સક્રિય થયા છે. ગુજરાતમાં દર ત્રણ વ્યક્તિએ એક વ્યક્તિ સહકારી સંસ્થા સાથે સંકળાયેલી છે. અમિત શાહની અધ્યક્ષતામાં સહકારિતા ક્ષેત્ર માટે ક્રાન્તિકારી નિર્ણયો લેવાયા છે તે ભૂતકાળમાં ક્યારેય લેવાયા નથી. સહકારી માળખાની સિકલ તેનાથી બદલાઈ જશે. મૉડેલ બાયલૉઝ તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર સહકારી માળખાને ઓનલાઈન કરવાનું શ્રેય પણ અમિત શાહને જશે. બીજું, આ સફળતાનું શ્રેય સભામાં ઉપસ્થિત ગુજરાતના ખેડૂતોને પણ જાય છે. સહકારિતાને સરળ કરવાનો પ્રયાસ અમિત શાહ કરી રહ્યા છે. સહકારી માળખાને મજબૂત કરવા માટે દરેક ખેડૂતો સારાં સૂચનો કરે તેવું હું ઈચ્છી રહ્યો છું. સહકારી આગેવાનો એક થઈને સહકારી ક્ષેત્રને વધુ સરળ અને મજબૂત કરવા માટે વિચારમંથન કરે તેની તાતી જરૂરી જણાય છે. સહકારિતાના ક્ષેત્રમાં વધુ પારદર્શકતા લાવવી, સહકારી ક્ષેત્રને વધુ શુદ્ધ કરવાની જરૂર જણાય છે. મંડળી રજિસ્ટર કરાવવી, મંડળી ઉમેરવી, કસ્ટોડિયન કમિટી બનાવવી, વહીવટદાર મૂકી દેવા, બોર્ડ ઑફ નોમિનીઝમાં કેસ થાય, હાઈકોર્ટમાં કેસ થાય જેવા પ્રશ્નોની ભરમારમાં આપણે બહુ જ મહત્ત્વનો સમય ગુમાવી રહ્યા છીએ. આપણે વધુ સારી રીતે સહકારી ક્ષેત્રને પારદર્શક બનાવી તેને વધુ મજબૂત કરીએ તે દિશામાં કામ કરવું જોઈએ. તેને બદલે કેન્દ્રના સહકારિતા મંત્રી અમિત શાહે બીડું ઝડપ્યું છે તેના અનુસંધાનમાં દરેક સહકારી સંસ્થા સક્રિય થાય તે જરૂરી છે. ગુજરાત અને આખા દેશના સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા લોકો અને દરેક સહકારી સંસ્થાઓ પોતાના દરેક એકાઉન્ટ ફરજિયાત સહકારી બૅન્કોમા જ ખોલાવે તે દિશામાં આગળ વધે તે જરૂરી છે. કેન્દ્ર સરકાર પણ આ દિશામાં વિચાર કરી રહી છે.





## ખેતી બૅન્કના ચૅરમૅન ડૉલર કોટેચાએ મહાનુભાવોનું સ્વાગત કર્યું

સમયની કટોકટી હોવા છતાં ખેતી બૅન્કની 71મી વાર્ષિક સાધારણ સભામાં ગુજરાતના કૃષિ અને પશુપાલનમંત્રી રાઘવજી પટેલ આપણી લાગણીને અને આમંત્રણને ધ્યાનમાં લઈને  ઉપસ્થિત રહ્યા છે. ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા, ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ જયંતી કવાડિયા, ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ ડૉ. ભરત બોઘરા, રાજ્યસભાના સભ્ય નરહરિ અમીન સહિત ગુજરાતભરમાંથી ઉપસ્થિત સહકારી આગેવાનો,સહુનું હું સ્વાગત કરું છું. ખેતી બૅન્ક દેશની પહેલી ખેતી બૅન્ક છે જે સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝ થયેલી છે. રૂ. 106 કરોડનો નફો કરતી દેશની પહેલી બૅન્ક છે. ગુજરાતની ખેતી બૅન્ક દેશની પહેલી બૅન્ક છે, જેણે પહેલી એપ્રિલે તેના વાર્ષિક હિસાબો જાહેર કરી દીધા છે.




અને તેમની ટીમના સાથીઓને હું અભિનંદન આપી રહ્યો છું. આ પ્રવૃત્તિને કારણે ખેતી બૅન્ક ખેડૂતોની પોતાની બૅન્ક બની ગઈ છે, એમ ખેતી બૅન્કની 71મી વાર્ષિક સામાન્ય સભામાં બોલતા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીના વડપણ હેઠળ અમે મોટું અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન છે પ્રાકૃતિક ખેતી તરફ દરેક ખેડૂતને વાળવાનું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રના સહકારિતા મંત્રી તથા ગુજરાતના કૃષિમંત્રી દરેક ખેડૂતને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પ્રયત્ન કરી રહ્યા છે. ગુજરાતનો દરેક ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવી ઇચ્છા પ્રધાનમંત્રી રાખી રહ્યા છે. હું પોતે (રાજ્યપાલ આચાર્ય દેવવ્રત) પણ પ્રાકૃતિક ખેતી કરી રહ્યો છું. મારી 200 એકર જમીનમાં રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતીના માધ્યમથી ઊપજ ઓછી કર્યા વિના સારી ગુણવત્તાનો પાક લઈ રહ્યો છું. હું શેરડી, ઘઉ, શાકભાજીના પાક લઉ છું. મેં રાસાયણિક ખાતરનો ઉપયોગ 8 વર્ષથી બંધ કરી દીધો છે. મારી જમીનમાં પાક વધુ ઊતરી રહ્યો છે. જમીન વધુ ફળદ્રુપ બની રહી છે. લોકોને વિશ્વાસ જ નહોતો કે પ્રાકૃતિક ખેતીના માધ્યમથી સારી ઊપજ મેળવી શકાય. આ પાકની ગુણવત્તા પણ ઘણી જ સારી છે. હું પોતે જ પહેલાં રાસાયણિક ખાતરથી ખેતી કરી રહ્યો હતો. મારા ખેતરની જમીન ફળદ્રુપતા ગુમાવી રહી હતી. ધરતી બંજર થતી જતી હતી.

તમે પ્રાકૃતિક ખેતી નથી કરતા, કારણ કે તમારું ઉત્પાદન ઘટી જશે તેવો તમારો ભય હોય તો તે છોડી દેજો. તમે ખરા અર્થમાં પ્રાકૃતિક ખેતી કરતા જ નથી. તમે જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી એક જ ગણીને જૈવિક કે ઑર્ગેનિક ખેતી કરો છે. સરકાર પણ 30-40 વર્ષથી ઑર્ગેનિક ખેતીનો પ્રચાર કરી રહી છે, પરંતુ જૈવિક કે ઑર્ગેનિક ખેતી તરફ ખેડૂતો આકર્ષાવા જોઈએ તેટલા આકર્ષાયા નથી. મેં પણ ત્રણ વર્ષ જૈવિક ખેતી કરી હતી. તેનાથી મારો ખર્ચ પણ ઓછો થયો નહોતો. ન તો મારું ઉત્પાદન વધ્યું. જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી એક નથી. તેના ભેદને સમજી લેવામાં આવશે તો તમને નુકસાન કેમ જઈ રહ્યું છે તે તમે સમજી શકશો. મેં રાસાયણિક ખેતી છોડી જૈવિક ખેતી ચાલુ કરી ત્યારે કુરુક્ષેત્રના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિજ્ઞાનીને મળ્યો. જૈવિક ખેતી કરવાનું માર્ગદર્શન લીધું.

જૈવિક ખેતી માટે પાકા ખાડા-પીટ બનાવ્યા, તેમાં ગોબર નાખ્યું. પીટમાં અળસિયાં પણ નાખ્યાં. તેમાં જે અળસિયાં નાખ્યાં તે વિદેશી

## ગુજરાતનું સહકારી ક્ષેત્ર દેશ માટે આદર્શ મૉડેલ : નરહરિ અમીન

**ગુજરાતના પનોતા પુત્ર અને યશસ્વી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અલગથી સહકાર મંત્રાલયની રચના કરી તેની જવાબદારી અમિત શાહને સોંપી છે. એશિયાની સૌથી મોટી સહકારી બૅન્ક અમદાવાદ જિલ્લા સહકારી બૅન્કના વરસો સુધી ચૅરમૅન રહેલા અમિત શાહ ખેડૂતોની આવક બમણી થાય તે માટેના પ્રયાસ કરી રહ્યા છે. સમગ્ર દેશમાં મહારાષ્ટ્ર અને ગુજરાતની સહકારી પ્રવૃત્તિનો અભ્યાસ કરવા માટે જુદાં જુદાં રાજ્યોમાંથી અને દેશવિદેશમાંથી લોકો આવી રહ્યા છે. આજે દેશમાં અંદાજે 2 લાખ દૂધ સહકારી મંડળી, 350 સુગર મંડળી, 400 જિલ્લાં સહકારી બૅન્કો, 35 રાજ્ય સહકારી બૅન્કો, 2000 સહકારી બૅન્કો, 1 લાખ પ્રાઈમરી ઍગ્રીકલ્ચર અને ક્રેડિટ કૉ-ઑપરેટિવ સોસાયટીઓ ખેડૂત સભાસદોને મદદરૂપ થવાનું કામ કરે છે. આજે સહકારી બૅન્કોની સિકલ બદલાઈ રહી છે. ખેતી બૅન્કની પણ તસવીર બદલાઈ રહી છે આજે ખેતી બૅન્ક મોર્ડન બની ગઈ છે. મોર્ડન બની રહી છે. દીપપ્રાગટ્ય પણ ઈલેક્ટ્રોનિક સિસ્ટમથી કરીને વાર્ષિક સભાનું ઉદ્ઘાટન કર્યું છે. ડૉલર કોટેચા ખેતી બૅન્કને નવો ઓપ આપવાનું કામ કરી રહ્યા છે. કૉર્પોરેટ હાઉસ જેવું મકાન બનાવી દીધું છે. ખેતી બૅન્કે 106 કરોડનો નફો કર્યો છે. ગુજરાતમાં તેની 176 શાખાઓ છે. ડૉલર કોટેચા અને તેમના બોર્ડના ડિરેક્ટરો દેશના ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરવા પ્રયત્નશીલ છે. ખેતી બૅન્ક પણ સમગ્ર ગુજરાતના સભાસદોને આર્થિક રીતે સમૃદ્ધ અને સધ્ધર કરવાનું કામ કરે તે માટે હું તેમને શુભેચ્છા પાઠવી રહ્યો છું.**



અળસિયાં હતાં. આ અળસિયાં ભારતીય છે જ નહિ. ઑર્ગેનિક ખેતીમાં વપરાતાં અળસિયાં ટેમ્પરેચર વધી જાય કે ટેમ્પરેચર ઘટી જાય તો મરી જતાં હોવાનું જોવા મળ્યું. આ અળસિયાં માટી ખાતા જ નહોતાં. માત્ર ગોબર જ ખાતાં હતા. સમય જતાં ખબર પડી કે આ અળસિયાં તેના શરીરમાંથી હેવી મેટલ છોડે છે. તે હેવી મેટલ કૃષિ ઊપજમાં જાય છે. માનવશરીરમાં અનેક પ્રકારના રોગોને જન્મ આપે છે. તેની સામે દેશી અળસિયાં માટી ખાય છે. ખેતીનો કચરો પણ ખાય છે. ગોબર-ગોમૂત્રમાં પણ અનુકૂળ રીતે રહે છે. પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાયના જ ગોબરનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ગોબરમાં અળસિયાં કામ કરતાં હતાં. દેશી ગાય અત્યંત ઠંડીમાં પણ જીવી શકે છે, તેમ જ 50 ડિગ્રી ગરમીમાં પણ ટકી રહે છે. તેમાં ઊછરતાં અળસિયાં પણ એટલાં જ સંગીન છે. વરસાદ પડતાં અળસિયાં જમીનની બહાર આવી જાય છે. આ અળસિયાં જમીનમાં છિદ્રો બનાવી દે છે. તેનાથી કુદરતી રીતે આઠથી દસ ફૂટનાં છિદ્રો પાડી દે છે. જમીનમાં માટી ખાતાં જઈને ઉપર અને નીચે જવાનું કામ જ અળસિયાં કરે છે. તેથી ધરતીમાં પાણી પરકોલેટ થઈ જાય છે. આ કુદરતી વૉટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ છે. તેથી જ ખેતી માટે પાણી ઓછી જરૂર પડે છે. તેથી પાણી પાવાનો ખર્ચ ઓછો થઈ જાય છે. મેં પ્રાકૃતિક ખેતી ચાલુ કરી ત્યારે મને ખબર પણ નહોતી કે આટલી મોટી સંખ્યામાં અળસિયાં હોય છે. એક એકર જમીનમાં 8થી 10 લાખ અળસિયાં હોય છે. જૈવિક ખેતીનાં અળસિયાં વિદેશી અળસિયાં છે. દેશી અળસિયાં તેના કરતાં વધુ અસરકારક છે. વિદેશી અળસિયાંનો ઉપયોગ કરવાથી મારો ખર્ચ પણ ન ઘટ્યો. ન તો મારી ઊપજ વધી. મારી મહેનત પણ ઓછી નહોતી થઈ.

હું ફરી કુરુક્ષેત્રના વિજ્ઞાનીઓને મળ્યો. તેમણે મને બે રિપોર્ટ આપ્યા. તેમાં ઘઉં અને ચોખાનો પાક લેવામાં આવી રહ્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું. ઘઉં અને ચોખાનો પાક વધુ લેવા માટે એક એકર જમીનમાં 60 કિલો નાઇટ્રોજન નાખો અને સારો પાક મળી જવાની સંભાવના રહેલી છે. જૈવિક ખેતીમાં જે ગોબરનો ઉપયોગ કરવામાં આવે છે તે 1 ટન ગોબરમાં 2 કિલો નાઇટ્રોજન છે. આ સંજોગોમાં એક એકરમાં 300 ક્વિન્ટલ ગોબરની જરૂર પડશે. જે ખેડૂતો 300 ક્વિન્ટલ ગોબર ન નાખી શકે તે ખેડૂત 150 ક્વિન્ટલ ગોબરનું ખાતર ખેતરમાં નાખે તો 60 કિલો નાઇટ્રોજનની જરૂરિયાત પૂરી કરી શકશે. આટલું ખાતર મેળવવા માટે તેની પાસે વધુ પશુધન રાખવું જરૂરી બની જાય છે. એક એકર જમીનમાં 150થી 300 ક્વિન્ટલ ગોબર નાખવામાં આવે તો મિથેન ગૅસ વધુ માત્રામાં છૂટશે. મિથેન ગૅસ પર્યાવરણને દૂષિત કરશે. આટલા મોટા પ્રમાણમાં ખાતર નાખવામાં આવશે તો નીંદામણની ભરમાર થઈ જશે. તેથી જૈવિક ખેતી લાભદાયી નથી.


તમે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતીને એક જ સમજી રહ્યા છો. તેથી તમે પ્રાકૃતિક ખેતીથી દૂર ભાગી રહ્યા છો. હવે પ્રાકૃતિક ખેતી શું છે તેને સમજો. તમે જંગલમાં ગયા છો? જંગલમાં હજારો પ્રકારનાં વૃક્ષ થાય છે. તેને યુરિયા, ડીએપી કે જંતુનાશક દવા કોઈ જ આપતું નથી. તેને પાણી પણ કોઈ જ આપતું નથી. જંગલના વૃક્ષ પર ફળ ભરપૂર જોવા મળે છે. તમે જંગલના વૃક્ષનાં પાંદડાં લો. તેનો લૅબોરેટરી ટેસ્ટ કરાવો. તેમાં એક પણ તત્ત્વની ઊણપ જોવા મળશે નહિ. આમ પ્રકૃતિ જંગલના વૃક્ષને પોષણ પૂરું આપે છે તો મારા ખેતરમાંના પાકને પોષણ કેમ નહિ આપે. જે નિયમ જંગલમાં કામ કરે છે તે જ નિયમ ખેતરમાં પણ લાગુ પડવો જોઈએ. તેને જ પ્રાકૃતિક ખેતી કહેવામાં આવે છે.


વિજ્ઞાનીઓએ મારા મગજમાં એક વાત ઠસાવી દીધી છે. તમારા પાક માટે જોઈતા યુરિયા, ફૉસ્ફરસ, ઝિન્ક, કોપર, આયર્ન, મૅગ્નેશિયમ, પોટાશ ક્યાંથી આવશે. વિજ્ઞાનીઓ કહે છે કે આ ઘટકો નહિ નાખો તો



ખેતી બૅન્કની વાર્ષિક સામાન્ય સભામાં નૃત્યાવલિ કલાકાર ભરત બારિયા અને અક્ષય પટેલના ગ્રુપે અમદાવાદના પંડિત દીનદયાળ ઑડિટોરિયમા શિવ મહિમાનું વર્ણન કરતું નૃત્ય કર્યું હતું.









ખેતી સારી થશે નહિ. આ વાત તમારા મનમાં ઠસાવી દીધી છે. જંગલનાં વૃક્ષોને વનસ્પિતિઓને પોષણ આપવા માટે તેની જરૂર પડતી જ નથી. ખેતી માટેના ઑર્ગેનિક કાર્બનને વધારવાનું કામ અળસિયાં જ કરે છે. જમીનમાંના સૂક્ષ્મ જીવાણુઓ કરે છે. ધરતીમાંના ઑર્ગેનિક કાર્બન વધારવાનું કામ સૂક્ષ્મ જીવાણુંઓ અને અળસિયાં કરે છે. તેમની સંખ્યા જેટલી વધારે તેટલો ઑર્ગેનિક કાર્બન જમીનમાં વધતો જશે. તેમ થતાં તમારે બહારથી લઈને કોઈ પણ પોષક તત્ત્વો આપવા પડશે નહિ. તમે આ બેક્ટેરિયાને, સૂક્ષ્મ જીવાણુઓને રાસયાણિક ખાતર મારી નાખે છે. એક અળસિયાંને ખેતરમાંથી લો. તેના પર યુરિયા નાખે તો મરી જશે. અળસિયાં પર ગોબર નાખવામાં આવશે તો અળસિયાંની અને હજારો કરોડો પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા વધી જશે. દેશી ગાય કાંકરેજ, ગીર ગાય, શાહીવાલ, અંગોર, થારપારકર, લાલસિંધી, હરિયાણવી નસલની દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં 300 કરોડથી પણ વધુ સૂક્ષ્મ જીવાણુઓ હોય છે. ગાયના આ જ ગોબરમાંથી અબજો સૂક્ષ્મ જીવાણું બનાવવાનું કામ કરી શકાય છે. તેમાંથી ઘન જીવામૃત બનાવી શકાય છે. તેમાં સૂક્ષ્મ જીવાણું વધારી શકાય છે.

ગાયના ગોબરનો ઉપયોગ કરીને 200 લિટરના ડ્રમમાં પાંચ દિવસમાં અબજો સૂક્ષ્મ જીવાણું તૈયાર કરી શકાય છે. બહુ જ સરળતાથી જીવામૃત બની જાય છે. તેનાથી જમીનની ફળદ્રુપતા વધારી શકાય છે. ગાયના એક દિવસના ગોબરમાંથી આ સૂક્ષ્મ જીવાણું બનાવી શકાય છે. તેમાં એકાદ કિલો ગોળ, ગોબર અને એકાદ કિલો ચણાના લોટની જરૂર પડે છે. આ જીવામૃત પાણીની સાથે, ડ્રીપથી કે છંટકાવ કરીને ખેતરમાં નાખી દેવાનો રહે છે. તેને માટે બજારમાંથી કંઈ જ ખરીદવું પડતું નથી. આમ એક ગાયની મદદથી 15થી 20 એક જમીનમાં ખેતી કરી શકાય છે.

આકાશમાં 78 ટકા નાઈટ્રોજન છે. આકાશમાં થતાં વીજળીના કડાકા સાથે આકાશમાં છૂટતા હજારો ટન યુરિયા પેદા થાય છે. આ સૂક્ષ્મ જીવાણુંઓ નાઈટ્રોજનને ખેંચીને, વીજળીના કડાકા સાથે છૂટા પડેલા યુરિયાના ઘટકોને ખેંચીને ભોજન તરીકે લે છે. તેનો ભોજન તરીકે ઉપયોગ કરીને તેને પચાવીને જમીન પર રોપેલા છોડને પોષણ આપે છે. જમીનમાં ઝિન્ક આયર્ન, પોટાશ જેવા તમામ ઘટકો પડ્યા જ છે. આ ઘટકોને ખાઈને તેનું ભોજન બનાવીને તેને પકાવીને તેને છોડને આપવાનું કામ કરે છે. રસોઈઘરમાં રસોઈ બનાવવાની તમામ સામગ્રી હોય પણ માતા કે બહેન રસોડામાં જઈને કામ ન કરે તો ભોજન ન બને. તેવી જ રીતે જમીનમાં છોડવા કે વૃક્ષને પોષણ આપવા માટેના બધાં જ ઘટકો પડેલા જ છે. ઝિન્ક, પોટાશ, મૅગ્નેશિયમના સ્વરૂપમાં છે જ છે, પરંતુ અળસિયાં અને સૂક્ષ્મ જીવાણુઓ તેનું ભોજન નહિ બનાવે ત્યાં સુધી છોડને પોષણ મળશે નહિ. રસોડામાં જે ભૂમિકા માતા-બહેનની છે તે જ કામગીરી ખેતરમાં સૂક્ષ્મ જીવાણુઓ કરે છે, અળસિયાં કરે છે. આમ ખેતરમાં જમીનમાં સૂક્ષ્મ જીવાણુને અળસિયાં વધશે તેટલા પ્રમાણમાં જમીનમાં ઑર્ગેનિક કાર્બન વધશે અને છોડને પોષણ મળતું જ જશે.

ભારતમાં હરિત ક્રાન્તિ શરૂ થઈ ત્યારે ડૉ. નૈને અને ડૉ.સ્વામિનાથને આપેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે હરિત ક્રાન્તિનો આરંભ થયો ત્યારે જમીનમાં ઑર્ગેનિક કાર્બનનું પ્રમાણ બેથી અઢી ટકાનું હતું. તે વખતે દેશની ખેતીની જંગલની જમીન જેવી ફળદ્રુપ જમીન હતી. ગયા વર્ષે ઑર્ગેનિક કાર્બનનો કાઢવામાં આવેલા રિપોર્ટમાં ઑર્ગેનિક કાર્બનનું પ્રમાણ 0.345



ટકા થઈ ગયું છે. જે જમીનનો ઑર્ગેનિક કાર્બન 0.5 ટકાથી ઓછો થઈ ગયો હોય તે જમીન રસહીન-કસહીન-બંજર થઈ ગયેલી ગણાય છે. જમીને ફળદ્રુપતા ગુમાવી દીધી છે. બીજા શબ્દોમાં કહીએ તો ખેતી માટે અનિવાર્ય ગણાતું ઑર્ગેનિક કાર્બન જમીનમાંથી સાવ જ ઘટી ગયું છે. ખતમ થઈ ગયું છે. તમને આ માન્યામાં નહી આવે, પરંતુ આ બતાવે છે કે આજે ભારતની ખેતીની જમીન ફળદ્રુપતા ગુમાવી ચૂકી છે. તેને ફળદ્રુપ બનાવવા માટે હવે પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો સમય આવી ગયો છે.


આ જમીનમાં પહેલાં તમે રાસાયણિક ખાતરથી ખેતી ચાલુ કરી ત્યારે એક એકર જમીનમાં 10થી 15 કિલો યુરિયા નાખતા હતા. આજે એક જમીનમાં બટાકાની ખેતી કરવા માટે 10 થેલી યુરિયા નાખવામાં આવે છે. જમીનને સફેદ બનાવી રહ્યું છે. પહેલાં જે 10 કિલો યુરિયા નાખવામાં આવતું હતું. તે ધરતીમાં આજે 10 થેલી ખાતર નાખીને સૂક્ષ્મ જીવાણુઓને મારી નાખ્યા છે. દુનિયાના કૃષિ વિજ્ઞાની પુરવાર કરી દે કે યુરિયા, ડીએપી કે જંતુનાશક દવાથી ધરતીની ફળદ્રુપતા સુધરે છે તો હું આજીવન તેમનો પ્રચાર કરીશ. તેની સામે પ્રાકૃતિક ખેતી કરવાથી એકથી દોઢ વર્ષમાં જ ધરતીની ગુણવત્તામાં સુધારો થઈ જશે. એક જ વર્ષમાં ઑર્ગેનિક કાર્બનમાં દોઢ ગણો વધારો થશે. તેથી તમારા કૃષિ ઉત્પાદનમાં વધારો થઈ જશે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો પણ ઊપજ વધી હોવાનું સ્વીકારે છે. આ સ્થિતિમાં તમે યુરિયા-ડીએપી કેમ ખરીદી રહ્યા છો?

છેલ્લે તમને મારે એટલું જ કહેવું છે કે તમે નહિ બદલાવ અને પ્રાકૃતિક ખેતી તરફ ન વળ્યા તો નુકસાન જ નુકસાન છે. યુનેસ્કોના નવા અહેવાલ પ્રમાણે હવે 40થી 50 વર્ષ સુધી આ જ રીતે રાસાયણિક ખાતરોથી ખેતી કરવાનું ચાલુ રાખવામાં આવશે તો જમીન ઘરની ટાઇલ્સ જેટલી કઠણ થઈ જશે. વરસાદ આવશે તો તેમાં પાણી જરાય પરકોલેટ થશે નહિ. જમીનમાં ઘાસનું એક તણખલું પણ ઊગી શકશે નહિ. ધરતીનું પાણી ખેંચી લીધું છે. આજે ધરતી પથ્થર બની ગઈ છે. તેમાં પાણી પરકોલેટ થતું નથી. પાણી ઉપરથી વહી જાય છે. ખેત ઊપજો ઝેરી બની ગઈ છે. કૅન્સરના કેસોમાં છેલ્લા ત્રણ વર્ષમાં 3 ગણો વધારો થઈ ગયો છે. માતાના દૂધમાં પણ યુરિયા જોવા મળી રહ્યું છે. હૉસ્પિટલમાં દરદીઓની સંખ્યા વધી રહી છે. ખેડૂતોનો ખેતી ખર્ચ વધી રહ્યો છે. ખેડૂતોને માથે દેવું વધી રહ્યું છે. આવનારી પેઢીને તમે વારસામાં કસહીન ધરા આપી જશો. ધરતીમાં પાણી નહિ હોય, પીવાલાયક પાણી નહિ હોય હવા દૂષિત થઈ ગઈ હશે. આવનારી પેઢી માટે બરબાદીનો રસ્તો બનાવી જનાર તે કેટલો મોટો અપરાધી ગણાય છે.

તમારે માત્ર પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું છે. પ્રાકૃતિક ખેતીમાં ઊપજ ઘટતી નથી. બીજને સંસ્કારિત કરવાની જરૂર છે. બીજામૃત અને ઘન જીવામૃતથી બીજને સંસ્કારિત કરી શકાય છે. ખેતીમાં ટ્રોલી ભરીને ખાતર નાખવાની જરૂર નથી. એક ગાયથી 20-25 એકર જમીનમાં ખેતી કરી શકાય છે. 30 એકર જમીન માટે જોઈતું ગોબર અને ગૌમૂત્ર ગાય એક જ મહિનામાં આપી દે છે. એક ગાયની મદદથી 30 એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી શકાય છે. તેનાથી ધરતીમાં જીવાણુ વધી જશે. ધરતીમાંથી કુદરતી ફોરમ નીકળતી થશે. આ ફોરમ તમારા, મારા અને સહુના જીવનને ફોરમથી ભરી દેશે. આવનારી પેઢીના જીવનને પણ ફોરમથી ભરી દેશે. આજે ગુજરાતમાં 8.5 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. જે દર્શાવે છે કે પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતો ઝડપથી વળી રહ્યા છે.









# ખેતી બૅન્કે અકસ્માતમાં જીવ ગુમાવનારને વીમા વળતરના રૂ. 2 લાખના ચેક આપ્યા



ખેતી બૅન્કે જૂનાગઢ જિલ્લાના વધારવી ગામના ખેડૂત હમીર મારખીભાઈ ઝાલાનું આકસ્મિક મૃત્યું નીપજતાં તેમની વિધવા રિન્કલ હમીર ઝાલાને અકસ્માત વીમાનો ચેક અર્પણ કર્યો હતો.




પંચમહાલ જિલ્લાના લૂણાવાડા જિલ્લાના ધૂળા કુબેરભાઈ પટેલનું અકસ્માતમાં અવસાન થતાં તેમના પુત્ર મહેશ ધૂળાભાઈ પટેલને અકસ્માત વીમાનો ચેક અર્પણ કર્યો હતો.




રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી શાકાના નવા રાજપીપળાના શૈલેશ જાદવભાઈ વાવડિયાના આકસ્મિક મૃત્યુના કેસમાં તેમના અકસ્માતના વીમાની રકમ તેમના પરિવારના સભ્ય વાવડિયા વિજય વિઠ્ઠલભાઈને સુપરત કર્યો હતો.



નાબાર્ડના ચેરમેન શાજી કે. વી.એ થોડાં સમય અગાઉ ખેતી બૅન્કની મુલાકાત લઈને ચેરમેન ડૉલર કોટેચાને શુભકામનાઓ પાઠવી હતી.

# કૃષિ ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપનાર નવ ખેડૂતોનું ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને હસ્તે બહુમાન કરવામાં આવ્યું











ખેતી બૅન્કે ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી ખેતીના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનારા ખેડૂતોનું ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને હસ્તે બહુમાન કર્યું હતું. ગુજરાતના નવ ખેડૂતોને આ માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ નવ ખેડૂતોમાં ગાયના ગોબરમાંથી ઑન્ટિક વસ્તુઓ બનાવીને વિદેશમાં વેચાણ કરનાર જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના કોયલી ગામના ભાવના વલ્લભભાઈ ત્રાંબડિયા, મધમાખી ઉછેર, મત્સ્ય ઉછેરના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનાર દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સોલધરા ગામનાં ખેડૂત અશોક ભગુભાઈ પટેલ, બાગાયતી પાકની પ્રાકૃતિક ખેતી અને મૂલ્યવર્ધન કરવા બદલ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના કોટડા રોહા ગામના હરિસિંહ રાજકિશોરસિંહજી જાડેજાનું ખેતી બૅન્કે બહુમાન કર્યું છે. આ જ હરોળમાં આવતા અને બહુમાનના હકદાર બનેલા અન્ય ખેડૂતોમાં બાગાયતી પાકની ઑર્ગેનિક ખેતી કરનાર અને નાળિયેરીના રોપાનો ઉછેર કરનાર જૂનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના શાંતિપરા ગામના જેઠાભાઈ કરશનભાઈ જોટવા, દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી અને ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન મારફતે જ સંપૂર્ણ વેચાણ કરનાર ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના જૂના પાદર ગામના ખેડૂત નારવણસિંહ ખાટાભાઈ ગોહિલ, ડ્રેગન-કમલમ ફ્રૂટની ઑર્ગેનિક ખેતી કરનાર જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના અવાણિયા ગામના ખેડૂત દિલીપ અઘેરાનો સમાવેશ થાય છે. ગ્રીનહાઉસમાં કાકડી અને અરવગંધાની ખેતી કરનાર મહેસાણા જિલ્લાના, મોટી દાઉ ગામનાં સરોજ ભાવેશ પટેલ, પશુપાલનમાં એક દાખલો બેસાડનાર અને પ્રાકૃતિક ખેતી કરનાર અરવલ્લી જિલ્લાના બાયડ ગામની દુર્ગાબહેન સહજાનંદ પટેલ તથા કૃષિ યાંત્રીકરણમાં નોંધપાત્ર કામગીર કરી બતાવનાર જૂનાગઢ જિલ્લાના વડાલ ગામના ઉમેશ દોમળિયાનો સમાવેશ થાય છે.



# ભાવનાબહેન ત્રાંબડિયા: ગાયના ગોબરમાંથી ઍન્ટિક વસ્તુઓ બનાવી વિદેશમાં વેચાણ

## ગોબરને સૂકવી પાવડર બનાવી ગુંદર કે આંબલિયાનો પાવડર ઉમેરી ગણેશની મૂર્તિ, રાખડી, દીવા, તોરણ, શુભ-લાભ, ગૃહસુશોભનની ચીજો, કળશ, સાથિયા બનાવી

49 વર્ષની વયે જ્યારે વ્યક્તિ નિવૃત્તિ તરફ મીટ માંડે તે ઉંમરે જૂનાગઢના કોયલી ગામના ભાવનાબહેન ત્રાંબડિયા નવી આવડત કેળવી ધંધો કેવી રીતે વિકસાવી શકાય તેના વિચારોમાં હંમેશા મગ્ન રહે છે. તેમના પ્રયત્નો માટે તેમને ખેતી બૅન્કની વાર્ષિક સાધારણ સભામાં ઍવૉર્ડ પણ આપવામાં આવ્યો હતો.

ખેડૂત પરિવારમાં જન્મેલાં ભાવનાબહેન કૃષિ અને પશુપાલનથી તો નાનપણથી વાકેફ હતાં. લગ્ન પછી પણ તે કૃષિ અને પશુપાલનના કામમાં પરિવારજનોની મદદ કરતાં, પરંતુ 2016માં ઍગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (ATMA) દ્વારા યોજાયેલી એક ટ્રેનિંગે તેમના સમગ્ર પરિવારના જીવનની દિશા બદલી નાખી. જૂનગઢ જિલ્લાના વંથલી તાલુકાના કોયલી ગામમાં રહેતાં ભાવનાબહેન જણાવે છે, “આ પૂર્વે અમે પરંપરાગત ઢબે ખેતી અને પશુપાલન કરતાં હતાં. ATMAની ટ્રેનિંગમાં મારા સમગ્ર પરિવારે ભાગ લીધો હતો. ટ્રેનિંગ બાદ ઍગ્રીકલ્ચરમાં ગ્રૅજ્યુએટ થયેલા મારા દીકરાએ પોતાની ગૌશાળા ઊભી કરવાની ઈચ્છા વ્યક્ત કરી અને મેં તરત જ સહમતી આપી. આત્માની ટ્રેનિંગમાં વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કેવી રીતે કરવું, કઈ ઓલાદની ગાય રાખવી, ઉનાળામાં પશુઓની સારસંભાળ કેવી રીતે રાખવી, દૂધનું ઉત્પાદન કેવી રીતે વધારવું, દૂઝણી ગાયનાં વાછરડાં હોય તો દૂધ ન આપતાં પશુઓના ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ કેવી રીતે કરવો વગેરે અનેક વિષયો અંગે ઊંડાણપૂર્વક શીખવાની તક મળી. આ ટ્રેનિંગથી હું ખોટ ન જાય તે રીતે પશુપાલન કરતાં શીખી.”

ભાવનાબહેને 2019-20માં બાર ગીરની ગાય સાથે કોયલીમાં કામધેનુ ગીર ગૌશાળા ઊભી કરી. આજે તેમની પાસે પાંત્રીસ ગાય છે. કોરોનાના સમયમાં તેમણે કપૂર અને ગોબરની મદદથી ધૂપ જેવી પ્રોડક્ટ બનાવીને તેનું સારું વેચાણ કર્યું. આ ઉપરાંત કપૂરનું તેલ બનાવવાની કુશળતા પણ તેમણે કેળવી. કોરોનાનો કહેર ઓસરતા તેમણે ગાયના ગોબરમાંથી પ્રોડક્ટ્સ બનાવવાના બિઝનેસ પર ફોકસ કર્યું. ભાવનાબહેન જણાવે છે, “મને સમજાયું કે વિશાળ પાયા પર આ કામ કરવું હશે તો એકલા હાથે નહિ થાય. 2021ના ત્રીજા મહિનામાં અમે ‘ગોપીમંગલમ જૂથ’ નામે સખીમંડળ બનાવ્યું. 10 બહેનોએ સાથે મળીને ગોબરમાંથી જુદી જુદી પ્રોડક્ટ બનાવવાની ચાલુ કરી. સૌપ્રથમ ગોબરને સૂકવી તેનો પાવડર કરી નાખવાનો રહે છે. તેમાં ગુંદર કે આંબલિયાનો પાવડર જેવું ચીકાશ પકડે એવું પ્રિમિક્સ ઉમેરીને તેમાંથી ગણપતિ, રાખડી, દીવા, તોરણ, શુભ-લાભ, ગૃહસુશોભનની ચીજો, કળશ, સાથિયા વગેરે અનેક વસ્તુઓ બનાવવામાં આવે છે.”

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડે આ સખીમંડળને અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજાનારા સરસ મેળામાં સ્ટૉલ અપાવી ગોબરની પ્રોડક્ટ્સ અને અન્ય હર્બલ પ્રોડક્ટ્સ વેચવાની તક આપી. સાથે સાથે પ્રોડક્ટ્સનું માર્કેટિંગ અને પેકેજિંગ કેવી રીતે કરવું તેની પણ સમજ આપી. આ પછી ભાવનાબહેને પાછળ વળીને જોયું નથી. દિલ્હી, ભોપાલ, મૈસૂર વગેરે શહેરોમાં





પ્રદર્શનમાં ભાગ લઈને પણ તેમણે પ્રોડક્ટ્સનો ખૂબ પ્રચાર-પ્રસાર કર્યો. ભાવનાબહેન જણાવે છે, "ગુજરાત કરતાં પણ ગુજરાતની બહારના લોકોને આયુર્વેદ અને પંચગવ્યની ચીજોમાં ખૂબ શ્રદ્ધા છે. ખાસ કરીને ધૂપ, દીવા જેવી ચીજોનું ખૂબ વેચાણ થાય છે."

ગોંડલની ગીર ગૌજતન ગૌશાળા સાથે થયેલા MOU મુજબ સખીમંડળની ગોબરમાંથી બનાવેલી પ્રોડક્ટ્સની અમેરિકા, કેનેડા સહિતના દેશોમાં નિકાસ પણ કરવામાં આવે છે. આમ ભાવનાબહેનના અસ્ખલિત પ્રયત્નોના પગલે ગીર ગાયના ગોબરની પ્રોડક્ટ્સ વિદેશમાં ધૂમ મચાવી રહી છે. આ પ્રોડક્ટ્સના વેચાણ થકી ગોપીમંગલમ જૂથ વર્ષે સાતથી આઠ લાખનું ટર્ન ઓવર કરે છે. સામાન્ય રીતે ગણેશોત્સવ, દિવાળી જેવા તહેવારોની સીઝનમાં આવકમાં વધારો જોવા મળે છે. આ ઉપરાંત ગોંડલની ગૌશાળા પણ દર મહિને જૂથ પાસેથી જરૂરિયાત મુજબ રૂ. 10-25,000 સુધીની વસ્તુઓનો ઑર્ડર આપે છે. હાલ બૅન્ગલોરથી મળેલા 225 તોરણનો ઓર્ડર સમયસર પૂરો કરવામાં જૂથની મહિલાઓ વ્યસ્ત છે.

આટલી સિદ્ધિ મેળવ્યા છતાં પણ ભાવનાબહેનની આગેકૂચ જારી છે. તેઓ ઇઝરાયલ જઈને સિંચાઈ પદ્ધતિથી અગાશી પર શાકભાજી ઉગાડતા શીખવા માંગે છે. તેઓ જણાવે છે, "હું યુટ્યુબ પર વીડિયો જોઈને પાણીમાં શાકભાજી ઉગાડવાની પદ્ધતિ શીખવાનો પ્રયત્ન કરું છું, પરંતુ પ્રેક્ટિકલ જોઈએ તો તરત ખ્યાલ આવે. જો મને આ શીખવા મળે તો હું મારા ગામની અન્ય મહિલાઓને પણ પાણીમાં શાકભાજી ઉગાડવાની ટ્રેનિંગ આપીને ઑર્ગેનિક ખેતી તરફ વાળવા માગું છું. આમાં વૉટ્સએપ ગ્રૂપ બનાવી ઑર્ગેનિક શાકભાજીની હોમ ડિલિવરી સુધીનું પણ આયોજન અમે વિચારી રાખ્યું છે, પરંતુ આ માટે યોગ્ય તાલીમ મેળવવાની મને ઈચ્છા છે."

ATMAમાંથી ટ્રેનિંગ લઈને ગામની મહિલાઓને ગાયના ગોબરનો સદુપયોગ કરતાં શીખવાડનાર ભાવનાબહેન ત્રાંબડિયા હવે ગામડામાં ઑર્ગેનિક ખેતી અંગે ક્રાંતિ લાવવાની દિશામાં ડગ માંડી રહ્યાં છે.




ભાવનાબહેને 2019-20માં બાર ગીરની ગાય સાથે કોયલીમાં કામધેનુ ગીર ગૌશાળા ઊભી કરી. આજે તેમની પાસે પાંત્રીસ ગાય છે. કોરોનાના સમયમાં તેમણે કપૂર અને ગોબરની મદદથી ધૂપ જેવી પ્રોડક્ટ બનાવીને તેનું સારું વેચાણ કર્યું.




ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડે આ સખીમંડળને અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજાનારા સરસ મેળામાં સ્ટૉલ અપાવી ગોબરની પ્રોડક્ટ્સ અને અન્ય હર્બલ પ્રોડક્ટ્સ વેચવાની તક આપી.

# દૂધ અને ગોળ વાપરી ખેતીનું 25 ટકા ઉત્પાદન વધારતા ભરત પરસાણા



રાજકોટના 55 વર્ષના ઉદ્યોગપતિ ભરત પરસાણા અને કચ્છ માધાપરમાં 56 વર્ષથી ખેતી કરતા ખેડૂત વેલજીભાઈ ભુડિયા ખેતીમાં અનેક પ્રયોગો કરવા માટે પ્રખ્યાત છે. તેમણે કૃષિપાકો પર દૂધ છાંટીને અકલ્પનીય પરિણામ મેળવ્યા છે. ફૂલ આવવાની અવસ્થાએ કોઈ પણ પાક પર 15 લિટર પંપના પાણીમાં 250 મિલીગ્રામ ગાયનું તાજુ દોહેલું દૂધ છાંટતાં ઉત્પાદનમાં 25 ટકાનો વધારો અને ખર્ચમાં પણ એટલો જ ઘટાડો થાય છે. તમામ પાક પર શ્રેષ્ઠ પરિણામ મળે છે. આવા પ્રયોગોને કારણે અત્યારે સમગ્ર ભારતની નજર ગુજરાત ઉપર છે.

વેલજીભાઈ ભુડિયા દૂધનો છંટકાવ જંતુનાશક તરીકે તો કામ કરે છે, સાથે સાથે છોડને પોષણ આપવાનું કામ કરે છે. આમ એક જ વસ્તુ ઝેર અને અમૃતનું કામ કરે છે. તેઓ 10 વર્ષથી દૂધનો પ્રયોગ કરે છે. ખાસ કરીને જ્યારે પાક પર ફૂલો આવે ત્યારે તેના પર દૂધ-ગોળનું મિશ્રણ છાંટવામાં આવે ત્યારે ઉત્પાદનમાં તેનાં સારાં પરિણામો આવે છે. પાકમાં ફૂલ આવવાની તૈયારી થાય એટલે દૂધ અને ગોળનો છંટકાવ કરી દેવાથી ફૂલનું ફલીનીકણ વધી જાય છે અને સારું ફ્લાવરીંગ આવે છે. પાકની રોનક વધે છે તથા આરોગ્ય સારું રહે છે. દૂધ-ગોળના આંદોલનકારી ભરત પરસાણાએ તેમની આ નવીન તથા પ્રાકૃતિક પદ્ધતિ અંગે વિગતે વાત કરી હતી.

## આપણા સ્વાસ્થ્ય માટે પણ ખૂબ લાભકારક છે દૂધ-ગોળ

5 વર્ષથી ઉપરનાં બાળકોને દૂધમાં ગોળ નાખી આપવાથી એનીમિયા, હિમોગ્લોબીનની ઊણપ, મેદસ્વિતા રોકવામાં મદદ મળે છે. તેનાથી ડાયાબિટીસનો ખતરો ઘટે છે, ઇસ્ટન્ટ એનર્જી મળે, લોહી સાફ થાય છે અને પાચનતંત્ર મજબૂત બને છે. ગૅસ, ઍસિડિટી અને અપચાની સમસ્યામાં પણ દૂધ-ગોળ રાહત આપે છે. તેનાથી ભૂખ ઊઘડે છે, ઇમ્યુનિટી વધે છે, શરીરમાં ગરમાવો આવે છે અને આયર્નની માત્રા વધે છે. જો કે પ્રયોગ કરતાં પહેલાં વૈદ્ય કે તબીબની સલાહ લેવી જરૂરી છે.

## કઈ રીતે કામ કરે છે દૂધ-ગોળનું મિશ્રણ?

દૂધમાં કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન, મિનરલ્સ અને વિટામિન્સ હોય છે, જ્યારે ગોળમાં ભારે પ્રમાણમાં કાર્બોહાઇડ્રેટ્સ હોય છે. જ્યારે આ મિશ્રણ છોડ પર છાંટવામાં આવે છે ત્યારે તે છોડને જીવ-જંતુઓ સામે લડવા માટે રોગપ્રતિકાર શક્તિ વધારી આપવાનું કામ કરે છે. ભરતભાઈ જણાવે છે, "દેશ-દુનિયામાં દૂધ-ગોળનો એટલો પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે કે આવતાં પાંચ વરસમાં દેશ-દુનિયા લીલી નાઘેર થઈ જશે. દૂધ-ગોળ વિશ્વ ને સજીવ ખેતીમાં નવો રાહ બતાવશે. મારો દૂધ-ગોળનો વીડિયો 1.5 કરોડ લોકો સુધી દેશ-દુનિયામાં શેર થયો હતો. ભારત સહિત સમગ્ર વિશ્વમાં 1 જૂને વિશ્વ દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે, તેમાં દૂધ-ગોળની પદ્ધતિને પ્રચલિત કરવાની જરૂર છે."



## દૂધ-ગોળથી ઉત્પાદનમાં કેટલો વધારો થઈ શકે?




### મધમાખીને આકર્ષીને પોલિનેશન વધારે છે દૂધ-ગોળ

મધમાખી ઉછેર કેન્દ્રના મેહુલ ભીમાણી કહે છે કે કોઈ પણ ખેતરમાં દૂધ-ગોળ છાંટેલું હશે તો મધમાખી 3 કિલોમીટર દૂરથી પણ દૂધ-ગોળ છાંટેલા ખેતરમાં આવી જશે. દિગુભા જાડેજા જામજોધપુરવાળા કહે છે તેમણે સોશિયલ મીડિયા દ્વારા 150 દેશમાં દૂધ-ગોળનો પ્રચાર કર્યો છે. આપણા ખેતરમાં મધમાખી જ પોલિનેશનનું કામ કરે છે. દૂધ-ગોળ છાંટવાથી 3 કિમી દૂરથી સુગંધથી મધમાંખી આવી જાય છે. આ કારણે પણ પાકમાં વૃદ્ધિ થાય છે. દૂધ-ગોળના પ્રયોગમાં દુનિયાની આર્થિક સ્થિતિ સુધારવાની તાકાત રહેલી છે. તેનાથી રાસાયણિક દવા-ખાતર પાછળ થતો ખેડૂતનો ખર્ચ ઘટશે, ઉત્પાદન વધશે, લોકોને ઉત્તમ ગુણવત્તાનું ખાવા મળશે, દવાનો ખર્ચ ઘટશે અને બધાનું જ કલ્યાણ થશે.

### ગૌમૂત્ર, ખાટી છાશ, ફટકડીથી બનાવી જંતુનાશક દવા

ભરતભાઈ માને છે કે દેશ-દુનિયામાં જંતુનાશક દવા અને રાસાણિક ખાતરના વધતા ઉપયોગથી સૃષ્ટિનો વિનાશ થઈ રહ્યો છે. રોજ સેંકડો જાતિ નાશ પામી રહી છે. સૃષ્ટિને બચાવવાનો ઉપાય દૂધ-ગોળ છે. જંતુનાશક દવા તથા રાસાયણિક ખાતરને કારણે બીમારીઓ ઘરે ઘરે પહોંચે તેવી પરિસ્થિતિમાં ગાય આધારિત ઑર્ગેનિક ખેતીનો પ્રચાર-પ્રસાર કરવો જરૂરી છે. તેઓએ જણાવ્યું, "ભારતની ખેતી વિદેશની પદ્ધતિએ થાય છે. વિદેશમાં દવા અને ખાતરનું પ્રમાણ વધુ છે, અહીં નથી. રાસાયણિક ખાતર અને દવા આડેધડ વપરાય છે. બિયારણ, જંતુનાશક, ફર્ટિલાઈઝર, ફળફળાદિ, રોપા, દેશી બી અને ફળોનો નાશ વિદેશી કૃષિ નીતિના કારણે થઈ ગયો છે. વિટામિન Aથી શરૂ કરી B2 સુધીની આખી શૃંખલાનો નાશ થઈ રહ્યો છે. વિદેશી બી, બી બગરની જાતો, ઓછા સમયમાં પાકતી જાતો અને ઠીંગણી જાતોનાં બિયારણે માણસને ઠીંગણો બનાવ્યો ! વહેલાં પાકતી જાતો વહેલા સ્વર્ગ બતાવે ! સીડલેસ જાત ખાય તેને નપુંસક બનાવે ! દેશી વનસ્પતી - ઝાડ - વેલા જ્યાં ફાઈબર ભરપૂર પ્રમાણમાં પ્રાપ્ત હતું, તેનો નાશ થઈ રહ્યો છે. આ કારણે જ યુવાનોને પણ હવે સંતાનપ્રાપ્તિમાં મુશ્કેલી પડી રહી છે." રાસાયણિક ખેતીથી થાકેલા ભરતભાઈએ ગૌમૂત્ર, ખાટી છાશ અને ફટકડીના મિશ્રણમાંથી પ્રાકૃતિક જંતુનાશક દવા બનાવી છે જે અનેક રોગો સામે વનસ્પતિનું રક્ષાકવચ બની રહે છે.

## દૂધ-ગોળના પ્રયોગની સફળ કથા

- » બોટાદ જિલ્લાના સુરેશ ભદ્રેસિયાએ ખેતરમાં 25 ટકા વધુ ઉત્પાદન મેળવ્યું.
- » જામનગરમાં પ્રણામી ધર્મના કૃષ્ણમણિ સ્વામી 250 વીઘાં જમીનમાં દૂધ-ગોળનો પ્રયોગ કરે છે.
- » પાળિયાદમાં 300 વીઘાં જમીનમાં દૂધ-ગોળ વાપરવામાં આવે છે.
- » જામકંડોરણાના ખેડૂત ધીરુભાઈ અમિપરાના ખેતરમાં તલમાં કાળિયો રોગ આવી ગયો હતો, જેની કોઈ દવા નથી. તેના પર દૂધનો છંટકાવ કરતા રોગ નાબૂદ થયો અને ખૂબ સારું ઉત્પાદન મળ્યું.
- » ગીરમાં 52 વીઘાંના આંબાના બગીચામાં દૂધ-ગોળનો પ્રયોગ કરવાથી સારાં પરિણામ મળ્યાં હતાં.
- » ગીરના માનપર ગામના ગૌતમ ઊંધાડના ખેતરમાં 30% દૂધ-ગોળનો કેસર કેરીના ઉત્પાદનમાં ઉપયોગ થાય છે.
- » દરેક જિલ્લામાં જીરામાં દૂધ-ગોળના પ્રયોગથી ખેડૂતોએ ખૂબ સારી આવક મેળવી છે.
- » પાલનપુર તાલુકાના ધનરાજભાઈ ચૌધરી 75% ખેડૂત પ્રાકૃતિક ખેતી કરતા થઈ ગયા છે અને તેમાં 100 % દૂધ-ગોળ છાંટે છે.
- » કોટડા સાંગાણી વાળા રમણીકભાઈ પટેલને માહિતી મળી છે કે ઇઝરાયલના ખેડૂતોએ પણ દૂધ-ગોળનો પ્રયોગ ચાલુ કરી દીધો છે.
- » બનાસકાંઠાના ગોવિંદભાઈ ચૌધરી નાકહેવા મુજબ જિલ્લામાં 12000 ખેડૂત પ્રાકૃતિક ખેતી કરે છે, તેમાં 90% ખેડૂત દૂધ-ગોળનો પ્રયોગ કરે છે.
- » જેતપુરના ભેદા પીપળિયા ગામના મૂળ વતની ભાવેશ પટેલ હાલ ઓસ્ટ્રેલિયામાં રહે છે. તેમના ચેરીના ફાર્મમાં ફ્લાવરિંગ વખતે દૂધ-ગોળનો પ્રયોગ કર્યો હતો.
- » 2023માં જામનગર રિલાયન્સના આંબાના બગીચામાં દૂધ-ગોળના પ્રયોગો કરાયા હતા. સારું પરિણામ મળતાં 2024માં 1 લાખ આંબામાં દૂધ-ગોળનો પ્રયોગ કરાશે.
- » હળવદ તાલુકાના કોંઢ ગામમાં 10000ની વસતિ છે, તેમાં 80% ખેડૂત દૂધ-ગોળનો પ્રયોગ કરે છે.
- » રમેશ ઘોણિયા દેવચડીવાળાએ કપાસનું વાવેતર કર્યું હતું, તેમને દૂધ-ગોળનો પ્રયોગ કરતા ઉતારો 41 મણ આવેલો હતો.
- » જ્યારથી ભારતમાં દૂધ-ગોળના પ્રયોગ શરૂ થયા છે, ત્યારથી ગાય ની માંગ નીકળી છે તેમ જાણકારો જણાવે છે.
- » બોરડી સામઢિયાળા તાલૂકા જેતપુરમાં ખેડૂતો દૂધ-ગોળ વાપરે છે.
- » અમેરિકામાં કેટલાંક ગુજરાતીઓએ ખેતીમાં દૂધ-ગોળનો ઉપયોગ શરૂ કર્યો છે.
- » જેતપુર તાલુકાના ગામ ભેદા પીપડિયામાં રવિ કયાડાએ દૂધ-ગોળથી મગફળીમાં 40 મણનો ઉતારો લીધો છે.

# કઈ રીતે શોધ કરી?




રાજકોટમાં રહેતા 55 વર્ષના ઉદ્યોગપતિ ભરતભાઈ પરસાણાનો પરિવાર 51 વર્ષથી ઇજનેરી ઉદ્યોગ સાથે જોડાયેલો છે. તેમની વસ્તુઓની 12 મોટા દેશ અને ભારતમાં 5 કરોડ પાઉન્ડની નિકાસ થાય છે. રાજકોટના ઉદ્યોગ જગતની અગ્રણી રોલેક્સ ઇન્ડસ્ટ્રીની 200 વીઘાં જમીનમાં ભરતભાઈએ દૂધ-ગોળનો સફળ પ્રયોગ કર્યો હતો. તેમના પરિવાર પાસે 300 વર્ષ કરતાં વધુ સમયની 10 પેઢીઓથી સંવર્ધિત થતી એક જ વંશની 20 ગાયો છે. રાજકોટ નજીક તેઓ સજીવ ખેતી કરે છે.

તેઓ 39 વર્ષના હતા ત્યારે ખેડૂતોને 50 ટકા નફો વધારે એવી ખેતીની સરળ ટેક્નિક શોધવામાં પરોવાઈ ગયા હતા. હવે તેઓ આ ટેકનિકથી ખેતીમાં 25 ટકાનો નફો વધારી આપવાની ખાતરી આપે છે. 16 વર્ષથી તેઓ રજાના દિવસે સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં ગામડામાં પોતાની કાર લઈને નીકળી જાય છે. ગામ અને ખેતરમાં જઈને ખેડૂતોને દૂધ અને ગોળની ખેતી શીખવે છે. તેમાં ખાસ પ્રમાણ કેટલું જાળવવું અને કેટલા સમયાંતરે છંટકાવ કરીને ઉત્પાદન વધારવું તેના પર તેમનું ફોકસ રહે છે. આ ઉપરાંત દીવેલા અને ગાયના છાણના ખાતરનો ઉપયોગ પણ તેઓ ખેડૂતોને શીખવે છે. પોતાના ખેતરમાં આવતા ખેડૂતોને તેઓ આ પદ્ધતિ સાવ મફતમાં શીખવે છે. ભરતભાઈએ અત્યાર સુધીમાં ગુજરાતમાં 5 હજાર ખેડૂતોને આ વિદ્યા શીખવી છે. આની પાછળનો તેમનો આશય નફો રળવાનો નથી. ખેડૂતોની સેવા કરવા Fortuner ગાડી લઈ ગામડાંઓ ખૂંદે છે.

ભરત પરસાણા માને છે, "જ્ઞાન વહેંચશો તો જ્ઞાન વધશે અને બીજાની જિંદગી સુધરશે. આવતાં પાંચ વરસમાં ભારતભરમાં દૂધ-ગોળની ખેતી શરૂ કરાવી દેવી છે. તે માટે હું મારી મૂડી ખર્ચવા તૈયાર છું."

# શું છે પદ્ધતિ?

આ પદ્ધતિ ખેડૂતો માટે અનેક રીતે લાભદાયી છે. તેનાથી ભારતના ખેડૂતોને કરોડો રૂપિયાનો ફાયદો થઈ શકે છે અને રસાયણ વિના ખેતી કરવી શક્ય બને છે. સામાન્ય રીતે પાકને પોષણ આપવા માટે અને જંતુઓથી રક્ષા કરવા માટે ખેડૂતો જંતુનાશક દવા કે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા હોય છે, પરંતુ તેના બદલે દરેક પ્રકારના રોગમાં 15 લીટર દવા છાંટવાના પંપમાં 250 મિલી ગાયનું તાજુ દૂધ મિક્સ કરીને તેનો છંટકાવ કરવામાં આવે તો ઘણાં લાભદાયી પરિણામ મળી શકે છે. આ પદ્ધતિથી જીરુના પાકમાં કલ્પના બહારનાં પરિણામ મળ્યાં છે. આ શોધ એટલે મહત્ત્વની છે કે દૂધનો પ્રયોગ કરીને દુનિયા હવે ઝેર ખાવાનું બંધ કરી શકશે. આ પદ્ધતિથી ખેડૂતો કુદરતી ખેતી તરફ પાછા વળી શકે છે. છોડને કુર્મીનો રોગ, ચરમીનો રોગ, માથા બાજી જાય એવા રોગ થયા હોય તો તેમાં દૂધનો છંટકાવ અદભુત પરિણામ આપે છે. બીજી બાજુ, કેરી કે ટેટી જેવા બાગાયતી પાકમાં રોગ લાગે તો પણ દૂધ અને ગોળ અકસીર ઈલાજ છે.

આ પદ્ધતિને હજુ સુધી ગુજરાતના કૃષિ વિશ્વવિદ્યાલયનો સિક્કો નથી વાગ્યો, આમ છતાં તેનાં આશ્ચર્યજનક પરિણામ જોઈને ગુજરાતના ખેડૂતો તેનો અમલ કરતા થયા છે. આ પદ્ધતિ અપનાવવા માટે એક પંપમાં ફક્ત રૂ. 10નો ખર્ચ થાય છે. આ પદ્ધતિનો ચમત્કાર એ છે એપ્રિલમાં ભરઉનાળે જ્યારે ડુંગળીના પાકની કલ્પના પણ ન થઈ શકે ત્યારે ખેતરમાં બળબળતા ઉનાળે ડુંગળીનો તંદુરસ્ત ફાલ તૈયાર થાય છે. તેનો સમગ્ર યશ દૂધની ટ્રીટમેન્ટને જાય છે. આ ઉપરાંત જાન્યુઆરીમાં વાવેલા ઘઉ પણ મોતીના દાણા જેવા સરસ પાક્યા હતા. ભરત પરસાણાનું અવલોકન છે કે ચણાના પાક પર આ મિશ્રણના છંટકાવથી દાણો મોટો થયો હતો.

આ ઉપરાંત કપાસ, કઠોળ, તલ, શાક, મૂળા જેવા પાકોમાં કુકડ આવી હોય તો વાયરસને ઠંડો પાડીને દૂધ તરત જ રોગને ફેલાતો અટકાવે છે અને છોડનું સ્વાસ્થ્ય જાળવી રાખે છે. કપાસમાં દૂધ-ગોળના મિશ્રણનો છંટકાવ કર્યો તો તેમાં વિપુલ ઉત્પાદન મળ્યું હતું. તેનાથી ફૂલ ઘાટું બેસે છે, અને સવાયું ફળ થાય છે. 25 ટકા ઉત્પાદન વધી જાય છે. મોલ નબળો પડી ગયો હોય તો તેની સ્થિતિમાં પણ સુધારો જોવા મળે છે.

ઉત્તમ પરિણામ મેળવવા માટે 15 લિટર પાણીના પંપમાં 250 મિલી ગાયનું તાજું દૂધ અને 100 ગ્રામ ગોળ ભેળવવો પડે છે. આ પ્રયોગથી સારાં પરિણામ મેળવ્યા બાદ ભરતભાઈએ ગુજરાતનાં ગામડેગામમાં આ પદ્ધતિનો પ્રચાર કરવા આંદોલન શરૂ કર્યું છે.



# અશોક પટેલઃ મધમાખી ઉછેર કરીને વર્ષે રૂપિયા ત્રણ કરોડની આવક ઊભી કરી

**ખેતીની સાથે સાથે મત્સ્યપાલન, મધમાખીઉછેર જેવા પૂરક વ્યવસાય શરૂ કરે તો ગામડાનો ખેડૂત મહિને આસાનથી રૂ. 50,000 સુધીની આવક મેળવી શકે**



નવસારીના ચીખલી તાલુકાના નાનકડા સોલધરા ગામમાં રહેતા અશોક ભગુભાઈ પટેલ આજે મધમાખીઉછેર માટે ખાસ્સા પ્રખ્યાત છે. ખેતી બૅન્કની 2023ની વાર્ષિક સાધારણ સભામાં મધમાખીપાલન, મત્સ્યપાલન અને મૉડલ ફાર્મ માટે તેમને ઍવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ખેડૂતનો દીકરો ખેતી પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. પરંતુ અશોક પટેલ પહેલેથી જ નવીન વિચારસરણી ધરાવતા હતા. દસ એકર



જમીનમાં શેરડી, શાકભાજી, સૂરણ, રતાળુ, આંબાવાડી, ફળફળાદિ વગેરેની ખેતી કરવાની સાથે સાથે તેમણે 2009-10માં ખાદી ગ્રામોદ્યોગમાંથી મધમાખી ઉછેરની ટ્રેનિંગ લઈને 50 બૉક્સથી મધમાખી ઉછેરની શરૂઆત કરી હતી.

પોતાની યાત્રા અંગે વાત કરતાં અશોક પટેલ જણાવે છે, "આજે મારી પાસે મધમાખીના 5000 બૉક્સ છે અને તેમાં 15થી 20 કરોડ માખી વસવાટ કરે છે. જેમ ભરવાડ પોતાનાં ઘેટાં-બકરાં ચરાવવા જાય એમ હું મારી મધમાખીઓને ચરાવવા જાઉં છું અને તે જ મારી સફળતાનું રહસ્ય છે. મહદંશે ખેડૂતો ભૂલ એ કરે છે કે તે મધમાખીના બોક્સને એક જગ્યાએ મૂકી રાખે છે. તેના બદલે હું ફૂલ હોય ત્યાં માખીને લઈ જાઉં છું. અજમા, રાઈ, ધાણા, તલ, સુવા, વરિયાળી, બાવળ કે જંગલમાં ઊગતા ફૂલો પાસે મધમાખીને લઈ જવામાં આવે ત્યારે તે ફટાફટ મધ એકઠું કરવા માંડે છે."

અશોક એપિસ મેલિફેરા નામની વિદેશી જાતની મધમાખીઓનો ઉછેર કરે છે. આ પ્રજાતિ ઝડપથી મધ એકઠું કરવા માટે પ્રખ્યાત છે. 5000 પેટીઓ સાથે તે વર્ષે 200 ટન મધનું ઉત્પાદન કરે છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ મધમાખીઓને ફૂલોનું રસપાન કરાવવા માટે અશોક પટેલ તેમને જમ્મુ, રાજસ્થાન સહિત જુદાં જુદાં રાજ્યોમાં પણ લઈ જાય છે. મધમાખીઓના અનુકૂળ માઈગ્રેશન માટે તેમણે તાજેતરમાં તેમના માટે એક ઍરકન્ડિશન્ડ વાન પણ ખરીદી છે. દર વર્ષે એકઠા થતા 200 ટન મધમાંથી 1 ટન મધ તે




આશ્રમમાં, ખેડૂતો અને વિદ્યાર્થીઓને દાન કરી દે છે. મધમાખી ઉછેરના બિઝનેસ અંગે વાત કરતાં તેઓ કહે છે, "મેં રૂ. 1.5 લાખના ઈન્વેસ્ટમેન્ટ સાથે 50 પેટી ખરીદીને આ બિઝનેસ શરૂ કર્યો હતો. મધમાખીઓની સંખ્યા કુદરતી રીતે પણ વધી છે અને અમે બીજી નવી પેટીઓ પણ

ખરીદી છે. ખેતી બેંક પાસેથી મળેલી લોનના રૂપિયા મેં આ બિઝનેસમાં ઇન્વેસ્ટ કર્યા હતા. 1 બૉક્સમાંથી અમને વર્ષે 40 કિલો જેટલું મધ મળે છે. "

તાલીમ પરથી અશોકભાઈને એક વાત સમજાઈ ગઈ કે મધમાખીનો ખોરાક ફૂલનો રસ છે. આથી તેને ફૂલની આસપાસના વાતાવરણમાં રાખવામાં આવશે તો કુદરતી રીતે તે વધુ મધનું ઉત્પાદન કરશે. તેમની આ સમજણે બિઝનેસના ગણિતો ફેરવી નાખ્યાં. આજે તેમનું ટર્નઓવર 3 કરોડ સુધી પહોંચ્યું છે અને તેમાં 50 જણનો સ્ટાફ કામ કરી રહ્યો છે.

અશોક પટેલ ક્રિયેટિવ થિન્કિંગથી કામ કરવામાં માને છે. તેમણે શરૂ કરેલી મત્સ્યપાલનની પહેલમાં પણ તેમની નવીન વિચારસરણી ડોકિયાં કરે છે. તેમણે ગામડાનું તળાવ લીઝ પર લઈને મત્સ્ય ઉછેર શરૂ કર્યો હતો. આજે વિવિધ પદ્ધતિઓથી મત્સ્ય પાલન કરીને તેઓ ચારથી પાંચ ટન માછલી તેમાં પકવે છે. માછલીનો ખોરાક લીલ છે. આથી તળાવમાં લીલ કેવી રીતે વધી શકે તે માટેના જુદા જુદા રસ્તા તે શોધતા રહે છે.



આ ઉપરાંત સમયાંતરે ટ્રેનિંગ લઈને કે લેક્ચર સાંભળીને પણ પોતાના જ્ઞાન અને કૌશલ્યમાં તે અભિવૃદ્ધિ કરતા રહે છે.

તેઓ જણાવે છે, "ખેડૂત પરિવારનાં બાળકો ખેતરમાંથી બહાર જ નથી નીકળતા. આ જ તેમના મર્યાદિત વિકાસનું કારણ છે. હું નાનપણથી નેચર લવર



**અશોક પટેલ એપિસ મેલિફેરા નામની વિદેશી જાતની મધમાખીઓનું પાલન કરે છે. આ પ્રજાતિ ઝડપથી મધ એકઠું કરવા માટે પ્રખ્યાત છે. 5000 પેટીઓ સાથે તે વર્ષે 200 ટન મધનું ઉત્પાદન કરે છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ મધમાખીઓને ફૂલોનું રસપાન કરાવવા રાજસ્થાન સહિત જુદાં જુદાં રાજ્યોમાં પણ લઈ જાય છે.**

છું. હિમાલય અને ઘણી નૈસર્ગિક જગ્યાએ હું ફરવા અને ટ્રેકિંગ માટે પણ ગયો છું અને ત્યાંથી જ મને ઘણું શીખવા મળ્યું છે. ખેડૂત પરિવારનાં બાળકો પણ ક્રિયેટિવ માઇન્ડ કેળવે તો પરિવારની આવકમાં વધારો કરી શકે છે, કારણ કે ખેતીમાંથી એટલી આવક નથી થતી જે આપણાં બધાં જ સપના પૂરા કરી શકે."

ખેતીમાં હાલ બદલાતી આબોહવા, વધતા ઉત્પાદનખર્ચ જેવા અનેક પડકારો છે. અશોક પટેલને ખેતીની સરખામણીએ મધમાખી ઉછેર અને મત્સ્યઉછેરમાંથી પૂરક આવક ઊભી કરવાનો વિકલ્પ વધુ સરળ જણાયો. ખેડૂત પરિવારના બાળકો આ ક્રિયેટિવ થિન્કિંગ સાથે જીવનમાં આગળ વધે અને પૂરક આવકના સ્રોત ઊભા કરવા પ્રેરાય તે માટે અશોક પટેલ જિલ્લા સ્તરની શાળાઓમાં જઈને બાળકોને સંબોધન પણ કરે છે. તેમનું માનવું છે કે દરેક ખેડૂત પરિવાર પાસે મધમાખી તો હોવી જ જોઈએ. આ ઉપરાંત ખેતીમાં તે ખાલી જગ્યામાં બ્રાહ્મી, સર્પગંધા, અશ્વગંધા સહિતની ઔષધિઓની ખેતી કરીને પૂરક આવક ઊભી કરી રહ્યા છે. કોવિડ પછી આખા ભારતમાં આયુર્વેદિક ઔષધિ તરફ ઝુકાવ વધ્યો હોવાથી હાલ ખેડૂતોને આ ઓસડિયાની ખેતીમાં પણ સારી આવક થઈ રહી છે. સતત શીખવાની અને જીવનમાં વિકાસ સાધવાની પ્રગતિશીલ માનસિકતા ધરાવતા અશોકભાઈ પટેલે ખેડૂતો માટે દાખલો બેસાડ્યો છે કે મન હોય તો માળવે જવાય અને પૂરક આવક ઊભી કરીને ગામડામાં રહીને પણ મહિને રૂ. 50,000 સુધીની આવક મેળવી જ શકાય છે.





# જી-20 સમિટ યોજીને જગતભરમાં ભારતે છાકો પાડી દીધો



## જી-20ની સફળતાને કારણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિશ્વમાં દૂરંદેશી ધરાવતા એક મુત્સદ્દી નેતા તરીકે પ્રસ્થાપિત થયા

નવમી અને દસમી સપ્ટેમ્બરે દિલ્હી, ગુજરાત-ગાંધીનગર સહિત ભારતનાં 60 જેટલા શહેરોમાં જી-20 સમિટનું આયોજન કરીને ભારતે વિશ્વમાં છાકો પાડી દીધો છે. જી-20ની સફળતાનો સંપૂર્ણ યશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાય છે. આ સમિટમાં ન્યુ દિલ્હી ડિક્લેરેશન અંગે સર્વાનુમતિ સાધવામાં સફળતા મળી છે. રશિયા-યુક્રેન યુદ્ધને મુદ્દે અમેરિકા અને યુરોપિયન સંઘના દેશોએ અપનાવેલા અભિગમની આક્રમકતા ઓછી કરવામાં, સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વાર ટકાઉ વિકાસ માટે નિર્ધારિત કરવામાં આવેલા લક્ષ્યાંકોને માન્ય કરાવવામાં અને વિશ્વના કથળી રહેલા ક્લાઈમેટ-આબોહવાને સુધારવા માટે શાં પગલાં લેવા તે મુદ્દે અને વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન ઓછામાં ઓછું થાય તે માટે શું પગલાં લેવાં તે નક્કી કરાવવામાં ભારત સફળ થયું છે. તેની સાથે જ વર્લ્ડ બૅન્કને નવો ઓપ આપવાને મુદ્દે, ચેપી રોગોને અંકુશમાં લેવાને મુદ્દે, આર્થિક સ્થિરતા લાવવા સહિતના મુદ્દે એકમતી સધાઈ છે.

કુદરતી આફતોનું જોખમ ઘટાડવું, શિક્ષણ અને રોજગારીમાં વૃદ્ધિ કરવી, આરોગ્યને મોરચે સારી કામગીરી કરી બતાવવી, મૂડીરોકાણ કરવું અને પર્યટનને વેગ આપવા સહિતના મુદ્દાઓને જી-20માં આવરી લેવાયા છે. ગ્રીન ડેવલપમેન્ટને મુદ્દે જી-20માં સહમતી સધાઈ છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવાને મુદ્દે, બાયોફ્યુઅલની બાબતમાં જોડાણ કરવા અંગે, પ્લાસ્ટિકનું પોલ્યુશન ઘટાડવા અંગે દરેક દેશો સહમત થયા છે. જી-20 સમિટમાં યુનાઈટેડ નૅશન્સ-સંયુક્ત રાષ્ટ્રસંઘ અને સંયુક્ત રાષ્ટ્રસંઘની સિક્યોરિટી કાઉન્સિલમાં સુધારો લાવવાની તરફેણ પણ કરવામાં આવી છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ જિન પિંગની ગેરહાજરીમાં તમામ મુદ્દાઓ અંગે સહમતી સધાઈ છે.

જી-20ના દેશો વચ્ચે આ તમામ મુદ્દાઓ અંગે એકમતી સધાઈ તેમાં ભારતે અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જી-20ની બેઠકમાં આર્થિક સ્થિરતાને મુદ્દે પણ નક્કર આયોજન કરાવવામાં ભારત સફળ રહ્યું છે. ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન માટે પબ્લિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગરીબ દેશો ઝડપથી દેવામુક્ત થાય તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે. દક્ષિણ આફ્રિકાના દેશોનો જી-20ના ગ્રુપમાં સમાવેશ કરવાનો મહત્ત્વનો નિર્ણય જી-20 સમિટમાં લેવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકાના દેશોને યુરોપિયન સંઘના દેશો જેવું સભ્યપદ આપવામાં આવ્યું છે. તેને કારણે ભારતે સિક્યોરિટી કાઉન્સિલના કાયમી સભ્ય બનવા માટેનો દરવાજો ખોલ્યો છે. સિક્યોરિટી કાઉન્સિલમાં દક્ષિણ આફ્રિકાના દેશોના 55 વૉટ્સ છે. આ પગલું લઈને યુનાઈટેડ નૅશન્સની સિક્યોરિટી કાઉન્સિલના કાયમી સભ્ય તરીકેનો ભારતનો દાવો મજબૂત પણ કરવામાં આવ્યો

- જી-20ની શિખર પરિષદમાં વિકસી રહેલા દેશોના મસીહા તરીકેની ઇમેજને ભારતે મજબૂત બનાવી
- યુનાઈટેડ નેશન્સની સિક્યોરિટી કાઉન્સિલના કાયમી સભ્ય બનાવવા માટેનો ભારતે પોતાનો દાવો મજબૂત કર્યો
- ભારતના વડપણ હેઠળ યોજવામાં આવેલી જી-20ની સફળતાને જોઈને ઘણાં દેશો ચકિત થઈ ગયાઃ જી-7 અને બ્રિક્સના દેશોની પરિષદોની સફળતાની સરખામણી નગણ્ય




છે. કાયમી સભ્ય બનવાની શક્યતાને વધુ સંગીન બનાવવા ભારતે નાઈજીરિયા, ઈજિપ્ત, મોરેશિયસને અતિથિ દેશ તરીકે જી-20 સમિટમાં હાજર રહેવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. ભારતે વિકસી રહેલા દેશોના મસીહા તરીકેની ઈમેજને મજબૂત બનાવી છે. આ હેતુને ધ્યાનમાં રાખીને પણ ભારત ઈમેજ બિલ્ટ-અપ કરવાના પ્રયાસ કરી રહ્યુ છે.

બીજા શબ્દોમાં કહીએ તો વૈશ્વિક સમસ્યાઓનો વૈશ્વિક ઉકેલ જો કોઈ આપી શકે તેમ હોય તો તે જી-20 જ આપી શકશે તેવી ખાતરી વિશ્વના દેશોને કરાવી છે. બ્રિક્સ તરીકે ઓળખાતો બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકાનો સહિયારો સંઘ કે પછી વિશ્વના સાત દેશોનો સમૂહ જી-7 પણ વૈશ્વિક સમસ્યાનો ઉકેલ આપી શકે તેમ ન હોવાનું પ્રસ્થાપિત કરાવવામાં પણ જી-20 સફળ થયું છે. તેથી જ વિશ્વના નિષ્ણાતો પણ જી-20ની સફળતાને જોઈને મોંમાં આંગળાં નાખી ગયા છે. તેમણે પણ કહ્યું છે કે જી-20ની સફળતા સામે જી-7 અને બ્રિક્સના દેશોની સફળતા બહુ જ વામણી એટલે કે નાની લાગે છે. જી-20ની આ સફળતાને કારણે જ આજે વિશ્વમાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દૂરંદેશી ધરાવતા એક મુત્સદ્દી તરીકે પ્રસ્થાપિત થયા છે. આ બાબતમાં ચીનના પ્રમુખ જિન પિંગ કરતાંય તેઓ એક ડગલું આગળ નીકળી ગયા હોવાનું વરતાઈ રહ્યું છે.

બ્રાઝિલ, ઈન્ડિયા, રશિયા અને ચાઈનાના સમૂહને બ્રિક્સનું ટૂંકું નામ આપનાર બ્રિટનના ઈકોનોમિસ્ટ જિમ ઓનિલે પણ સ્વીકાર્યું છે કે દિલ્હીમાં યોજવામાં આવેલી જી-20ની શિખર પરિષદની સફળતાને જોઈને જી-7 અને બ્રિક્સના આયોજનો એક જેવા જ લાગી રહ્યાં છે. જી-20નું ડિક્લેરેશન-જાહેરનામું વૈશ્વિક પ્રશ્નોને ઉકેલવા માટેનો વધુ સંગીન સામૂહિક પ્રયાસ હોવાનું લાગી રહ્યું છે. વૈશ્વિક સમસ્યાઓના ઉકેલની દિશામાંનું પહેલું પગલું હોવાનું જણાય છે. નરેન્દ્ર મોદીની આ ડિપ્લોમેટિક વિક્ટરી છે. આ સફળતામાં અમેરિકાની ભૂમિકા પણ મહત્ત્વની રહી છે. શશી થરૂર જેવા કૉંગ્રેસી નેતાએ પણ જી-20ના દિલ્હી ડેક્લેરેશનને ભારતની ડિપ્લોમેટિક વિક્ટરી તરીકે ઓળખાવી છે. આ સફળતા મેળવવા માટે ભારતનાં 58 શહેરોમાં 200 અલગ અલગ મિટિંગ્સ કરવામાં આવી હતી.

બીજું, ભારતના ચંદ્રયાનની સફળતા પછી આ સમિટ યોજાઈ હોવાથી પણ તેનો વધારાનો લાભ ભારતને મળ્યો છે. જી-20ની સમિટમાં તમામ વાતોનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો છે. ચીન અને રશિયાને મુદ્દે પણ સર્વાનુમતિ સધાઈ છે તે બહુ જ મોટી વાત છે. સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે તેમાં કોઈ એક મુદ્દે પણ કોઈ દેશ તરફથી વિપરીત ટિપ્પણી કરવામાં આવી નથી. પરિણામે જી-20 સમિટ ઐતિહાસિક

## વેપાર વધારવા મધ્ય પૂર્વના દેશો અને યુરોપિયન ઈકોનૉમિક કોરિડોરની સ્થાપના કરશે

જી-20 સમિટ દરમિયાન ભારત, અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, સાઉદી ઍરેબિયા અને યુરોપિયન યુનિયનના વચ્ચે સૌથી મોટા સમજૂતી કરાર થયા છે. આ કરાર હેઠળ ઈન્ડિયા, મધ્ય પૂર્વના દેશો અને યુરોપિયન ઈકોનોમિક કોરિડોરની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આયાત અને નિકાસના માલની હેરફેર આ રૂટથી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. રેલવે અને દરિયાઈ માર્ગે માલની હેરફેર કરવામાં આવશે. એશિયા અને અરેબિયાના અખાત અને યુરોપ વચ્ચે ટ્રાન્સપોર્ટેશનનું નેટવર્ક ઊભું કરવામાં આવશે. તેના માધ્યમથી આર્થિક વિકાસને વેગ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાર્ટનરશીપ ફોર ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ-પીજીઆઈઆઈના આયોજન હેઠળ આ પ્રોજેક્ટ હાથ પર લેવામાં આવશે. પીજીઆઈઆઈ વૈશ્વિક સ્તરના મહત્ત્વના માળખાકીય પ્રોજેક્ટ માટે ફાઈનાન્સ માટેનું ભંડોળ મેળવવાનું કામ કરશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રસ્તાઓ, બંદરો, બ્રિજ, કોમ્યુનિકેશન સિસ્ટમ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના માધ્યમથી વૈશ્વિક વેપાર અને સહકારમાં વધારો કરવાનું પણ ધ્યેય છે. આઈએમસીઈ કોરિડોર ચીનના બેલ્ટ ઍન્ડ રોડ ઈનિશિયેટિવ-બીઆરઆઈનો વિકલ્પ બનશે. બીઆરઆઈ ચીનના માર્કેટને શિપિંગ, રેલવે, રોડ નેટવર્કની સુવિધા પૂરી પાડે છે. તેનો આરંભ આજથી દસ વર્ષ પહેલા કરવામાં આવ્યો હતો.

# યુનાઇટેડ નૅશન્સ-સંયુક્ત રાષ્ટ્રસંઘ અને સંયુક્ત રાષ્ટ્રસંઘની સિક્યોરિટી કાઉન્સિલમાં સુધારો લાવવાની ભલામણ કરવામાં આવી

બની રહી છે. ભારત અને ચીન વચ્ચેના વણસેલા સંબંધો બ્રિક્સ દેશની સફળતામાં મોટો અવરોધ ઊભો કરી શકે છે. બ્રિક્સમાં તાજેતરમાં જ નવા છ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. છતાં તેના કરતાં જી-20નો વધુ પ્રભાવ પડ્યો છે. જિન પિંગે ભારતને નીચું દેખાડવા માટે જ સમિટથી દૂર રહેવાનો નિર્ણય કર્યો હોવાનું ઘણાં દેશોના નિષ્ણાતો માને છે. આંતરરાષ્ટ્રીય સ્તરે નક્કી કરવામાં આવેલી સીમાઓનો ભંગ કરવાની માનસિકતા ધરાવતા ચીન જેવા દેશોને તેમનું વલણ અનુચિત હોવાનો સ્પષ્ટ સંદેશ પહોંચી ગયો છે.

આ સમિટની સફળતા સાથે ભારતે ટેક્નોલોજીના મોરચે કરેલી પ્રગતિ અને ભારતના સમૃદ્ધ વારસાનો પણ દુનિયાના દેશોના પ્રતિનિધિઓને અંદાજ આપી દીધો છે. ભારતની આ પ્રગતિને દુનિયાના દેશોએ વખાણી પણ છે. ભારતે જી-20 સમિટના માધ્યમથી વસુધૈવ કુટુંબકમની ભાવનાને પણ સાકાર કરાવવામાં સફળતા મેળવી છે. પૃથ્વી પર વસતા દરેક નાગરિકો એક જ પરિવારના સભ્ય છે તે ભાવનાને મજબૂત બનાવી શકાઈ છે. જી-20ની સફળતાનો એડવાન્ટેજ ભારત આગામી વરસની ચૂંટણીમાં પણ લઈ શકશે.

ક્રૂડના વપરાશને કારણે કાર્બન ઉત્સર્જન વધારે થતું હોવાથી ફોસિલ્સ ફ્યુઅલનો ઉપયોગ ધીમે ધીમે ઓછો કરીને બંધ કરી દેવાને મુદ્દે જી-20 સમિટમાં સહમતી સાધી શકાઈ નહોતી. દુનિયાભરના દેશોમાં થતાં કાર્બન ઉત્સર્જનમાંથી 80 ટકા ઉત્સર્જન જી-20ના દેશો જ કરે છે. આ મુદ્દે સહમતિ ન સધાઈ હોવાથી ક્લાઈમેટ ચેન્જના મહત્ત્વના મુદ્દે નવેમ્બર મહિનાઓમાં થનારી ચર્ચા પર વિપરીત અસર પડશે. જોકે તેની સામે જી-20ના દેશોએ 2025 સુદમાં રિન્યુએબલ એનર્જીની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરી દેવાને મુદ્દે સહમતિ સાધી છે. 2030ની સાલ સુધીમાં ગ્રીન હાઉસ ગૅસનું એટલે કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ ઘટાડીને દુનિયાના તાપમાનમાં 1.5 ડિગ્રીનો ઘટાડો કરવાને મુદ્દે સહમતિ સાધી હતી.

જી-20ના દિલ્હી ડિક્લેરેશનમાં 2030 સુધીમાં 5.8થી 5.9 ટ્રિલિયન ડૉલરનું ભંડોળ ઊભું કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભંડોળનો ઉપયોગ વિકસી રહેલા દેશોને મદદરૂપ થવા કરવામાં આવશે. તેવી જ રીતે એક વર્ષમાં 4 ટ્રિલિયન ડૉલર ઊર્જાને લગતી ટેક્નૉલોજી વિકસાવવા માટે ખર્ચવામાં આવશે. 2050ની સાલ સુધીમાં વિશ્વના દેશોમાંથી જરાય કાર્બન ઉત્સર્જન ન થાય તે માટે 4 લાખ કરોડ ડૉલર એટલે કે 4 ટ્રિલિયન ડૉલરના ભંડોળનો ઉપયોગ કરવામાં આવશે.






## જી-20 સમિટઃ બ્રિટનના પ્રાઇમ મિનિસ્ટર ને જર્મનીના ચાન્સલર હાજર રહ્યા

બ્રિટનના પ્રાઇમ મિનિસ્ટર રિષિ સુનક, જર્મનીના ચાન્સેલર ઓલફ સ્કૂલ્ઝ, ફ્રાન્સના પ્રમુખ એમાન્યુઅલ મેક્રોન, તુર્કિસ્તાનના પ્રમુખ રીસેપ તૈયીપ, કેનેડાના પ્રાઇમ મિનિસ્ટર જસ્ટીન ટ્રુડેઉ, ઇટાલિના પ્રાઇમ મિનિસ્ટર જિયોર્જ્યા મેલોની, સાઉથ કોરિયાના પ્રમુખ યૂન સૂક યેઓલ, બ્રાઝિલના પ્રમુખ લુઇઝ ઇનાસિયો લૂલા ડી સિલ્વા ઉપરાંત પ્રેસિડન્ટ ઑફ યુનિયન ઓપ કોમોરોસ ઍન્ડ ચેરપર્સન ઑફ આફ્રિકન યુનિયનના એઝાલી અસૌમાની ઉપસ્થિત રહ્યા હતા. ચીનના પ્રમુખ જિન પિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનની ગેરહાજરીની સહુએ નોંધ લીધી હતી.

## સમિટમાં મલ્ટિલેટરલ ડેવલપમેન્ટ બૅન્કની રચના કરવાનો પણ નિર્ણય

જી-20 સમિટમાં મલ્ટિલેટરલ ડેવલપમેન્ટ બૅન્કની રચના કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે જી-20માં સ્વતંત્ર નિષ્ણાતોના ગ્રુપની રચના કરવામાં આવી છે. MDB એક આંતરરાષ્ટ્રીય નાણાસંસ્થા છે. તેમાં વિકસિત અને વિકસી રહેલા દેશો સભ્ય બનશે. આ MDB તેમાંય ખાસ કરીને ગરીબ અને વિકસી રહેલા દેશોને લોન કે ગ્રાન્ટ આપવાનું કામ કરશે. એમડીબી સરકાર અને ખાનગી સેક્ટરના સહયોગમાં કામ કરે છે. ખાસ કરીને મૂડીરોકાણ કરીને દેશનું કે દેશના વિસ્તારનું ટ્રાન્સફોર્મેશન-રૂપાંતર કરવાનું કામ તે કરે છે. આ સંસ્થા ઓછા વ્યાજદરે લાંબા ગાળા માટે લોન કે ધિરાણ આપે છે.





# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સ્વચ્છતા ઝુંબેશમાં ગુજરાતની ખેતી બૅન્ક જોડાઈ



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં સંદેશ આપ્યો કે એક તારીખ, એક કલાક, એક સાથે, ક્લિનલીનેસ કેમ્પેઈન. પરિણામે રવિવાર, પહેલી ઓક્ટોબરે સવારે દસ વાગ્યાથી અગિયાર વાગ્યા દરમિયાન સમગ્ર દેશમાં 9.2 લાખ સ્થળે સ્વચ્છતા અભિયાન આદરવામાં આવ્યું હતું. ગુજરાતમાં પણ અનેક સ્થળે સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું છે. અમદાવાદમાં આશ્રમ રોડ પાસે આવેલી ધી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેક લી.(ખેતી બેંક)ની અમદાવાદ કચેરી સહિત સમગ્ર ગુજરાત માં 176 શાખા 17 જિલ્લા કચેરી ધરાવતી ખેતી બેંક દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ખેતી બેંકના 617 કર્મચારીઓ પણ જોડાયા હતા. ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચાના માર્ગદર્શન હેઠળ 'સ્વચ્છતા હી સેવા'ના મંત્ર ને સિદ્ધ કરવાના હેતુ સાથે ખેતી બેન્કની હેડ ઓફિસની ટીમે અમદાવાદમાં આશ્રમ રોડ નેહરુ બ્રિજથી ગાંધીગ્રામ મેટ્રો સ્ટેશન સુધીનું સફાઈ અભિયાન હાથ ધરીને નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા સ્વચ્છતાના યજ્ઞમાં પોતાનું યોગદાન આપ્યું હતું.









# ખેતી બૅન્કના ચેરમેન ડૉલર કોટેચાએ રાષ્ટ્રસ્તંભનું ઇ-લોકાર્પણ કર્યું











ખેતી બેન્કની અમદાવાદ સ્થિત વડી કચેરીએ સંસ્થાના ચેરમેન ડૉલર કોટેચાએ ખેતી બેન્કના પ્રાંગણમાં જ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના અવસરે રાષ્ટ્રસ્તંભનું ઈ-લોકાર્પણ કર્યું હતુ. ગુજરાતમાં રાષ્ટ્રસ્તંભનું લોકાર્પણ કરનાર ગુજરાતના સહકારી ક્ષેત્રની આ પહેલી સંસ્થા હોવાનું માનવામાં આવે છે. રાષ્ટ્રસ્તંભનું ઈ-લોકાર્પણ થતાં હવે મહત્વની સહકારી સંસ્થાઓની માફક ખેતી બેન્કના પ્રાંગણમાં પણ 365 દિવસ રાષ્ટ્રધ્વજ લહેરાતો રહેશે. ઈ-લોકાર્પણ કર્યા બાદ પંદરમી ઓગસ્ટ 2023ના દિને ગુજરાતના સહકારિતા સેલ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ બિપીન પટેલ (ગોતા) એ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સ્વતંત્રતા દિનની ઉજવણી કરી હતી. આઝાદી દિનની ગૌરવ પૂર્ણ ઉજવણીમાં ખેતી બેન્કના વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલ, સિનિયર ડિરેક્ટર વીરજી ઠુમ્મર, ખડિયા દરબાર, આદરણીય ગુરુજી તથા ખેતી બેન્કના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર એચ.પી. ગણાત્રા ઉપરાંત બેન્કના અધિકારી અને કર્મચારીઓએ ભાગ લીધો હતો.

ખેતી બેન્કના કર્મચારીઓએ આઝાદી દિવસની ઉજવણી નિમિત્તે ખેતી બેન્કની વડી કચેરીથી લઈને સન્યાસ આશ્રમ સુધીની ફલેગ માર્ચ કાઢી હતી. સન્યાસ આશ્રમથી આ ફલેગમાર્ચ કરનારા ફરી ખેતી બેન્ક સુધી આવ્યા હતા.

# કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 2 | સપ્ટેમ્બર 2023

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ ઍગ્રીકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક

## ખેતીબૅન્ક આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિ

## નાબાર્ડના ચેરમેન શ્રી કે.વી. શાજીની ખેતી બૅન્કની યાદગાર મુલાકાત